
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે પુરુષો ગુરુજનો દ્વારા કહેલું જે તત્ત્વનું સ્વરૂપ તેને નિશ્ચલભાવથી ગ્રહણ કરે છે–તેને અન્ય ભાવના છોડી નિરંતર ભાવે છે તે પુરુષ તત્ત્વને જાણે છે. ૧૮૧૫.
(શ્રી સ્વામિકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૮૦)

● ભો આત્મન્ ! કૃમિનિકે સૈકડાં જાલનિકરિ ભર્યા અર નિત્ય જર્જરિત હોતા યોં દેહરૂપી પીંજરા ઈસકું નષ્ટ હોતે તુમ ભય મત કરો, જાતૈ તુમ તો જ્ઞાનશરીર હો. ૧૮૧૬. (મૃત્યુ મહોત્સવ, શ્લોક-૨)

● અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા અને નાના પ્રકારના ભંગો વડે ગહન વનમાં માર્ગ ભૂલેલા પુરુષોને અનેક પ્રકારના નય સમૂહને જાણનાર શ્રીગુરુઓ જ શરણ થાય છે. ૧૮૧૭. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ-ઉપાય, શ્લોક-૫૮)

● પ્રાજ્ઞ, શુદ્ધ ચિદ્રૂપના સ્મરણમાં અહિતકારી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારને બળપૂર્વક તજી દે, હિતરૂપ અનુકૂળ, દ્રવ્યાદિક ચારને પ્રયત્નપૂર્વક સારી રીતે સેવે, અવલંબે. ૧૮૧૮. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૩, ગાથા-૪)

● જિનવાણી વહી હૈ જો રાગદ્વેષકો જીતનેવાલે વીતરાગ ભગવાનકા સ્વરૂપ દિખલાવેં, જિસમેં સમતાકા સ્વભાવ હો, જિસકે મનનસે સમતાકા લાભ હો, જો આકાશકે સમાન નિર્મલ વ આનંદમયી જિનપદકો દર્શાવે જો કર્મોંકે ક્ષયકા ઉપાય બતાકર મોક્ષકા સ્વરૂપ પ્રગટ કરૈ. ૧૮૧૯.
(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧ પાનુ-૭૨)

● શાહપદ તો પોતાના ધનથી પામશો. માટે સ્વ-પર વિવેકી બની આત્મધનને ગ્રહણ કરો. પરના મમત્વને સ્વપ્નાંતરમાં ન કરો. તમારે અખંડ રત્નત્રયાદિ અનંતગુણનિધાન છે, દરિદ્રી નથી. ૧૮૨૦. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૦)

● હે ભગવાન ! આપની સ્તુતિ કરીને હું દીનતાથી વરદાન માંગતો નથી, કારણ કે આપ તો વીતરાગ છો. વળી આપની સ્તુતિ કરનારને ફળની પ્રાપ્તિ તો સ્વયં જ થઈ જાય છે, તો યાચના કરવાથી શું લાભ છે ? વૃક્ષનો આશ્રય કરનાર પુરુષને છાયા સ્વયં પ્રાપ્ત થાય છે તો છાયાની યાચના કરવાથી શું લાભ છે ? ૧૮૨૧.
(મહાકવિ ધનંજય, વિષાપહાર સ્તોત્ર, શ્લોક-૩૮)

વર્ષ–૧૫
અંક–૧




વિ. સંવત
૨૦૭૫
September
A.D. 2020

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## આરાધનાનું મહાન પર્વ
## પ.....ર્યુ.....ષ.....ણ

સમસ્ત શક્તિથી ધર્મની ઉપાસનાના પ્રતીકરૂપ મહાપર્વ એટલે પર્યુષણ. ધર્મની આરાધનાની જાગૃતિ આપતું આ પવિત્ર પર્વ અનાદિ અકૃત્રિમ છે. દીપાવલીપર્વ, અક્ષયત્રીજ વગેરે પર્વો તો કોઈ મહાપુરુષના જીવનપ્રસંગો નિમિત્તે શરૂ થયેલા છે,–અને નંદીશ્વર અષ્ટાહ્નિકા તથા દસલક્ષણીપર્યુષણ જેવા પર્વો અનાદિ અકૃત્રિમ છે–તેમાં અષ્ટાહ્નિકાપર્વ એ જિનભક્તિપ્રધાન છે, ત્યારે પર્યુષણપર્વ તે આરાધનાપ્રધાન છે. આ દિવસોમાં જૈનમાત્રમાં અનોખી જાગૃતિ આવી જાય છે. આવું આ જાગૃતપર્વ અત્યારે ચાલી રહ્યું છે. તે પ્રસંગે ઉત્તમ-ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય–એ વીતરાગીધર્મોનું સ્વરૂપ ઓળખીને, તેની ઉત્તમ આરાધનાની ભાવના એ આપણું કર્તવ્ય છે.

શ્રી પદ્મનંદીસ્વામી કહે છે કે ત્રણલોકના સ્વામી ઈન્દ્રોથી પણ જે વંદનીક છે એવા આ ઉત્તમ દશધર્મોનું સ્વરૂપ સાંભળીને, તે ધારણ કરવાનો કોને ઉત્સાહ નહિ થાય? કોણ તેને હર્ષથી ધારણ નહિ કરે? બધાય મોક્ષાર્થી જીવો આ ઉત્તમધર્મોનું સ્વરૂપ સાંભળતાં આનંદિત થશે ને હર્ષથી તેનું પાલન કરશે. આ દશધર્મોની ઉત્તમ આરાધના મુનિદશામાં હોય છે. મુનિદશા તે મોક્ષમહેલની સીડી છે; તેની એક તરફ તો વૈરાગ્ય અને બીજી તરફ ત્યાગ–એમ બે બાજુ બે સુંદર મજબૂત કઠોડા લાગેલા છે, અને દશધર્મરૂપી દશ વિશાલ પગથિયા છે. મોક્ષમહેલમાં ચઢવાની ભાવનાવાળા પુરુષોએ આવી સીઢી ચઢવા યોગ્ય છે. અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જે જીવ આવા ઉત્તમક્ષમાદિભાવરૂપ ધર્મોને વૈરાગ્યથી આરાધે છે તે જીવ મુક્તિ પામે છે. અહો, મોક્ષાર્થી જીવને આવા દશધર્મોની આરાધના પ્રત્યે ઉત્સાહ જાગે છે. ધન્ય તે

ઉત્તમક્ષમાવંત મુનિવરો, કે જેઓને ઘોર ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ ક્રોધની વૃત્તિ ઊઠતી નથી ને રત્નત્રયની આરાધનાથી જેઓ ડગતા નથી. આવા વીતરાગીધર્મોનો મહિમા સાંભળતાં જગતના સમસ્ત જીવો હર્ષિત થશે; બધાય જીવોને ચૈતન્યસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ઉત્તમ મુનિધર્મની આકાંક્ષા થશે.

આત્માનો સ્વભાવ ચેતના છે; અને તે ચેતનાનું નિર્વિકારરૂપે પરિણમવું તે ધર્મ છે. જેટલા અંશે ચેતના નિર્વિકારરૂપ (રાગરહિત) પરિણમે તેટલો ધર્મ છે. ને તેટલો જ મોક્ષમાર્ગ છે. રાગરહિત ચેતના પરિણામમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા ઉત્તમ-ક્ષમાદિક બધા ધર્મો સમાઈ જાય છે. આત્મા ક્રોધાદિ કષાય ભાવોરૂપ ન પરિણમે ને પોતાના સ્વભાવમાં સ્થિર રહીને વીતરાગભાવરૂપ પરિણમે—તે ઉત્તમક્ષમાદિ ધર્મ છે. પહેલાં અનંતાનુબંધી ક્રોધનો અભાવ સમ્યગ્દર્શનવડે થાય છે; એ રીતે સમ્યગ્દર્શનવડે અનંતાનુબંધી ક્રોધનો અભાવ કર્યા પહેલાં ઉત્તમક્ષમાદિ ધર્મની આરાધના અંશમાત્ર હોઈ શકે નહિ. આ રીતે ઉત્તમક્ષમાદિ ધર્મોનું મૂળ સમ્યગ્દર્શન છે. ('दंसणमूलो धम्मो' એ કુંદકુંદસ્વામીનું સૂત્ર છે.)

પ્રશ્ન :—ઉત્તમક્ષમાદિ દશધર્મ—એ તો મુનિઓના ધર્મ છે, તેમાં અમારે શ્રાવકોને શું ?

ઉત્તર :—ઉત્તમક્ષમાદિ દશધર્મોની ઉત્કૃષ્ટ આરાધના મુનિવરોને હોય છે—એ ખરૂં, પરંતુ શ્રાવક ધર્માત્માને પણ તે ધર્મની આરાધના અંશે હોય છે. શાસ્ત્રમાં કહે છે કે જેટલા મુનિઓના ધર્મો છે તે બધાય ધર્મો આંશિકરૂપે શ્રાવકોને પણ હોય છે. સમ્યગ્દર્શનપૂર્વક અનંતાનુબંધી ક્રોધાદિનો જેટલો અભાવ થયો ને જેટલો વીતરાગભાવ પ્રગટ્યો તેટલો ધર્મ છે, ને તે મોક્ષનું કારણ છે. માટે શ્રાવકે પણ ઉત્તમક્ષમાદિ ધર્મોનું સ્વરૂપ જાણીને તેની આરાધનાની ભાવના કરવી.

ઉત્તમક્ષમાદિ દશધર્મોનું સ્વરૂપ ટૂંકમાં આ પ્રમાણે છે—



(૧) કોઈપણ જીવદ્વારા વધ, બંધન, નિંદા વગેરે ઉપદ્રવ થતા છતાં પોતાની ચૈતન્યભાવનામાં લીનતાથી એવો વીતરાગભાવ રહેવો કે ક્રોધ પરિણામની ઉત્પત્તિ જ ન થાય એનું નામ ઉત્તમક્ષમા છે. મોક્ષમાર્ગના પથિક સંતોને માટે આ ઉત્તમક્ષમા સાચી સહાયક છે અર્થાત્ તે સાધકની સહચરી છે. ક્રોધની ઉત્પત્તિ પોતાના


સાધકભાવમાં બાધા કરનારી છે, એમ સમજીને તેને દૂરથી જ છોડવો જોઈએ.




(૨) દેહાદિથી ભિન્ન પોતાનો આત્મા જ જગતમાં સર્વોત્તમ પદાર્થ છે એમ જાણીને, દેહાશ્રિત કોઈ વસ્તુનો-રૂપ, બળ, જાતિ વગેરેનો કે જ્ઞાનાદિનો પણ મદ ન થવો,—એવા વીતરાગભાવને ઉત્તમ માર્દવધર્મ કહે છે.

(એ ધ્યાનમાં રાખવું કે એક વીતરાગભાવમાં દશેય ધર્મો સમાઈ જાય છે; અને વીતરાગભાવ વગર એક્કેય ધર્મ હોતો નથી.)


(૩) પરમાર્થે આત્માના જ્ઞાનભાવમાં વિકારનું થવું તે જ વક્રતા છે; આત્માના જ્ઞાનની એવી આરાધના પ્રગટે કે દેહ જવાનો પ્રસંગ આવે તોપણ હૃદયમાં માયાચાર કે કપટભાવ ન થાય; અને પોતાના રત્નત્રયમાં લાગેલા દોષો ગુરુસમીપમાં સરળતાથી પ્રગટ કરીને તે દોષોને દૂર કરવા એનું નામ ઉત્તમ આર્જવધર્મ છે.






(૪) ભેદજ્ઞાનની ભાવનાના બળથી દેહાદિ પરદ્રવ્યો પ્રત્યે સ્પૃહારૂપ મલિનતા જેને નથી, અને રત્નત્રયની પવિત્ર આરાધનામાં જે સદાય તત્પર છે તેને ઉત્તમ શૌચધર્મ છે.


(૫) સત્‌રૂપ એવો જે જ્ઞાનસ્વભાવ તેને સાધવામાં જે તત્પર છે, અને કદી વચન બોલે તો તે વસ્તુસ્વભાવને અનુસાર તથા જિનવાણી અનુસાર સ્વપરહિતકારી સત્ય વચન જ બોલે છે. અસત્ય બોલવાની વૃત્તિ જ થતી નથી; સત્ય વસ્તુસ્વભાવને જે જાણે છે, તેને જ આવા સત્યધર્મની આરાધના હોય છે.





(૬) સંસારમાં મનુષ્યત્વ દુર્લભ છે પરંતુ સંયમરૂપ મુનિદશા તો ઉત્તરોત્તર અતીવ દુર્લભ છે. સમ્યગ્દષ્ટિને પણ સંયમધર્મની ભાવના રહ્યા કરે છે. ચૈતન્યમાં લીનતાથી એવો અકષાયભાવ પ્રગટ થાય કે ઇન્દ્રિયવિષયો પ્રત્યે ઝુકાવ જ ન થાય, અને કોઈ પણ પ્રાણીને દુઃખ દેવાની વૃત્તિ જ ન થાય, સમિતિ-ગુપ્તિનું પાલન હોય, ત્યાં સંયમધર્મ હોય છે.

(૭) વિષયકષાયરૂપી ચોરોથી પોતાના રત્નત્રયરૂપી ધનને બચાવવા માટે તપરૂપી યોદ્ધો રક્ષક સમાન છે. ગમે તેવો ઉપદ્રવ આવે તો પણ, પોતાના ચૈતન્યના ચિંતનથી ચ્યૂત ન થવું ને વિષયકષાયોમાં ઉપયોગ ન જવો તે ઉત્તમ તપ છે. અહા, મુનિઓના રત્નત્રયની રક્ષા કરનાર આ તપ પરમ આનંદનો દાતાર છે.





(૮) આત્માનો જે જ્ઞાનભાવ છે તે પરભાવના ત્યાગસ્વરૂપ જ છે; 'હું શુદ્ધ ચૈતન્ય આત્મા છું, દેહાદિ કંઈ પણ મારું નથી'—એમ સર્વત્ર મમત્વના ત્યાગરૂપ પરિણામથી ચૈતન્યમાં લીન થઈને મુનિરાજ ઉત્તમ ત્યાગધર્મની આરાધના કરે છે. સમ્યક્શ્રુતનું વ્યાખ્યાન કરવું તથા બહુમાનપૂર્વક સાધર્મીઓને પુસ્તક, સ્થાન વગેરે દેવું તે પણ ત્યાગધર્મનો પ્રકાર છે.

(૯) 'શુદ્ધ ચૈતન્ય એક જ મારો છે, એનાથી ભિન્ન કંઈ પણ મારું નથી' એમ જાણીને ચૈતન્યભાવનાના બળથી દેહાદિ સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે મમત્વ પરિણામનો પરિત્યાગ તે જ ઉત્તમ આકિંચન્યધર્મ છે.





(૧૦) મારું સુખ મારા અતીન્દ્રિય આત્મામાં જ છે, સ્ત્રી-શરીરાદિ કોઈ પણ બાહ્યવિષયોમાં મારું સુખ નથી, એવી વિશુદ્ધમતિના બળથી એવા નિર્વિકાર પરિણામ થઈ જાય કે સ્ત્રી આદિને દેખીને કે દેવી દ્વારા લલચાવવા છતાં પણ વિકારની વૃત્તિ જ ન થાય સ્ત્રીને માતા-બહેન કે પુત્રીવત નિર્વિકારભાવના રહે, તેને જ સાચા બ્રહ્મચર્યધર્મની આરાધના હોય છે.

આ પ્રમાણે ઉત્તમક્ષમાદિ દશધર્મોની ઉત્કૃષ્ટ આરાધના બતાવી. અહીં એમ ન સમજવું કે આ ધર્મોની આરાધના ફક્ત દશલક્ષણપર્વના દિવસોમાં હોય છે, પરંતુ સદૈવ આ ધર્મોની આરાધના હોય છે. આ ધર્મોની આરાધનારૂપ વીતરાગભાવ જેણે પ્રગટ કર્યો તેના આત્મામાં સદૈવ પર્યુષણ જ છે; ક્ષણે ક્ષણે તે ધર્મની ઉપાસના કરી જ રહ્યા છે.

આવા ધર્મના ઉપાસક સંતમુનિવરોના ચરણોમાં ભક્તિ સહિત શતશત પ્રણામ.

ઉત્તમક્ષમાદિ વીતરાગી ધર્મોનું સ્વરૂપ દર્શાવનાર જિનશાસન જયવંત હો.

વીતરાગધર્મની પરિ-ઉપાસનાના પ્રેરક દશલક્ષણી પર્યુષણપર્વ જગતને મંગળરૂપ હો.

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (ઈષ્ટોપદેશ - પ્રવચન)

ને આ મારો છે એ માનીને રખડવું કે ભાવપરાવર્તન છે.

સ્ત્રી-પુત્ર તે સંસાર નથી, સંસાર તો એની પર્યાયમાં જે રાગ-દ્વેષ અજ્ઞાન છે તે સંસાર છે. સ્ત્રી-પુત્ર સંસાર હો તો મૃત્યુકાળમાં આ દેહ-સ્ત્રી-પુત્ર અહીં પડ્યા રહેશે, દેહ છૂટી જશે એટલે સંસાર છૂટી જશે અને મોક્ષ થઈ જશે કેમ ? પરંતુ તે સંસાર છે જ નહીં. પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા છોડીને હું પરનું કરી શકું, પરમાં પ્રેમ અને દ્વેષ એવા મિથ્યાત્વ સહિતનો ભાવ એ મિથ્યાદૃષ્ટિનો ભાવ જ સંસાર છે.

પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપને ભૂલીને રાગ-દ્વેષમાં પ્રીતિ કરીને એ ઠીક છે એવી માન્યતા તે જ સંસારમાં પરિભ્રમણનું મૂળ છે. પંચ પરાવર્તનરૂપ સંસારમાં વારંવાર પરાવર્તન કરીને ચારે ગતિમાં રખડે છે. કોઈ કહે છે કે કર્મ રખડાવે છે. પણ કર્મ ક્યાં રખડાવે છે ? કર્મ તો જડ છે, એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. કર્મ અમને નુકસાન કરશે એવી માન્યતા મિથ્યાત્વ છે. (ક્રમશઃ) ❊



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર કળશ ૪૮-૪૯ ઉપર પ્રવચન)**

## ધર્મીને મજા છે

ભાઈ, ધર્મીને તો મજા જ હોય ને! પણ તે મજા શેની છે? કાંઈ રાગની કે પુણ્યની એ મજા નથી, એ મજા તો ચેતન્યના અનુભવના આનંદની છે, તે અનુભવમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી. એક સત્ત્વમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે વ્યવહાર છે; અને અભેદરૂપ એક શુદ્ધ સત્ત્વની અનુભૂતિ તે પરમાર્થ છે. આત્મા પરથી જુદો છે, પણ પોતાના ગુણ-પર્યાયથી જુદો આત્મા નથી.

સમ્યગ્દર્શન થતાં જીવ પોતે પોતાની મેળે શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ થયો; તે આનંદમય અનુભવમાં પોતાના સ્વરૂપ સિવાય કોઈની અપેક્ષા નથી; રાગનું કે ગુરુઉપદેશનું અવલંબન સ્વરૂપના અનુભવમાં નથી. રાગને કાળે ઉપદેશાદિનું આલંબન હોય પણ શુદ્ધસ્વરૂપની અનુભૂતિમાં તે નથી. આવી અનુભૂતિથી ધર્મીનો આત્મા શોભે છે. આવા અનુભવશીલ ધર્માત્મા શુભ-અશુભ સર્વ પ્રસંગે, જ્ઞાનને ભિન્ન રાખીને ચૈતન્યની શાંતિને વેદે છે. રાગના વેદનને દુઃખરૂપ જાણે છે ને ચૈતન્યના શાંતરસને વેદે છે.

કોઈ કહે—ધર્મીને તો ભારે મજા! રાગ પણ કરે ને ધર્મ પણ થાય!

—ભાઈ, ધર્મીની દશા ઊંડી છે; ધર્મીને તો મજા જ હોય ને!—પણ એ મજા કાંઈ રાગની કે પુણ્યની નથી, એ મજા તો ચૈતન્યના અનુભવના આનંદની છે. પણ એવો અનુભવ કોઈ વિરલા ધર્માત્મા કરે છે. અજ્ઞાની રાગમાં ને વિષયોમાં મજા માને છે, તે સાચી મજા નથી, તે તો દુઃખ છે.

અહા, આ સર્વજ્ઞસ્વભાવી, રાગ વગરનું ચૈતન્યતત્ત્વ, તેમાં ક્લેશ કેવો? ને દુઃખ કેવું? ચૈતન્યતત્ત્વ પોતે સુખરૂપ છે, તેથી તેની અનુભૂતિ થતાં આત્મા પોતે સુખરૂપ થઈ જાય છે, તેને દુઃખ રહેતું નથી. સુખસ્વભાવી વસ્તુ—તેમાં તન્મયતાથી તો સુખજ હોય

સંપૂર્ણ ચંદ્રતણી કાન્તિ સમાન તારા, રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા; —ભક્તામર
ત્રૈલોકનાથ તુજ આશ્રિત એક તેને, સ્વેચ્છા થકી વિચરતાં કદિ કોણ રોકે? ૧૪. સ્તોત્ર

ને ! સ્વભાવનું જેટલું અવલંબન છે તેટલી તો ક્લેશથી નિવૃત્તિ જ છે; પર્યાયમાં જેટલું દુઃખ છે તેટલું પરનું અવલંબન છે પણ તે જ વખતે સુખની ધારા સ્વભાવના અવલંબને ધર્મીને ચાલુ છે. બંને ભાવને ધર્મી જેમ છે તેમ જાણે છે.

## એક સત્ત્વ, તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે વ્યવહાર; અભેદસત્ત્વની અનુભૂતિ તે પરમાર્થ

જુઓ, કેવા વસ્તુસ્વરૂપના વિચારથી ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે તેની વાત સ્પષ્ટ સમજાવે છે; વસ્તુને પોતાના સમસ્ત ગુણ-પર્યાયો સાથે વ્યાપ્ય-વ્યાપકતારૂપ એક સત્ત્વપણું હોય છે; દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેને એક સત્ત્વપણું છે; એક સત્ત્વમાં ભેદ પાડીને પરસ્પર વ્યાપ્ય-વ્યાપકપણું કહેવામાં આવે છે—તેટલો વ્યવહાર લીધો, પણ રાગાદિ સાથે શુદ્ધવસ્તુને વ્યાપ્ય-વ્યાપકતા ભૂતાર્થદૃષ્ટિમાં નથી. શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે ચેતનભાવરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે, તેમાં આત્માને વ્યાપ્ય-વ્યાપકતા છે, એક અભેદ સત્ત્વમાં આટલો ભેદ પાડવો તે પણ વ્યવહાર છે; ત્યાં રાગાદિના કર્તૃત્વરૂપ અશુદ્ધતાની વાત તો ક્યાં રહી? રાગના કર્તૃત્વરહિત થયેલા એવા શુદ્ધચેતનાભાવમાં સ્થિતપણે આત્મા શોભે છે. શુદ્ધચેતનભાવરૂપ એક અભેદ સત્ત્વનો અનુભવ તે પરમાર્થ છે—આવી અનુભૂતિવડે જ્ઞાની થતાં જીવને મિથ્યાત્વાદિ પરભાવોનું કર્તૃત્વ છૂટી જાય છે. સમ્યક્ત્વ સૂર્ય ઊગ્યો ત્યાં મિથ્યાત્વ અંધકાર મટ્યો.

ચૈતન્યભાવરૂપ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયમય એક અભેદ સત્ત્વ આત્મા તે નિશ્ચય; તે ભૂતાર્થ; તે અભેદમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ ઉપજાવવા તે વ્યવહાર, તેના આશ્રયે એક અભેદ શુદ્ધ વસ્તુ અનુભવમાં નથી આવતી પણ વિકલ્પ થાય છે, માટે તે અભૂતાર્થ છે. સોનામાં મેલ તે તો જુદો, પણ એક સોનામાં પીળાશ-વજન વગેરે ભેદ કહેવા તે વ્યવહાર, ને પીળાશ વગેરેનું સત્ત્વ સોનાથી જુદું પડતું નથી, પણ એક સત્ત્વ છે, એટલે તેનો ભેદ ન પાડતાં-સોનું તે સોનું જ છે—એ ભૂતાર્થ છે. તેમ ચૈતન્યવસ્તુ એક આત્મા, તે ચૈતન્યવસ્તુમાં કર્મ કે રાગની તો વાત નથી, તેનાથી તો ચૈતન્યતત્ત્વ જુદું છે; પણ એક ચૈતન્યવસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ કહેવા તે વ્યવહાર; અને દ્રવ્ય-ગુણ-પર્યાયનું સત્ત્વ એક શુદ્ધ ચેતનવસ્તુથી જુદું નથી પણ એક સત્ત્વ છે, એટલે તેનો ભેદ ન પાડતાં 'જ્ઞાયક તે જ્ઞાયક' એવો અભેદમાત્ર અનુભવ તે ભૂતાર્થ છે, તે નિશ્ચયદૃષ્ટિ છે, તે સમ્યગ્દૃષ્ટિનો વિષય છે; આમ વસ્તુસ્વરૂપ વિચારતાં ભેદજ્ઞાન થાય છે, ને ભેદ વિકલ્પો

**આશ્ચર્ય શું પ્રભુતણા મનમાં વિકાર—દેવાંગના ન કદિ લવી શકી લગાર;**
**સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે, મેરુ ગિરિ શિખર શું કદિ તોય ડોલે? ૧૫.**

છૂટીને ચેતનવસ્તુનો સાક્ષાત્ અનુભવ જેમ છે તેમ થાય છે. આનાથી વિપરીત વસ્તુસ્વરૂપ વિચારે તેને કદી ભેદજ્ઞાન કે આત્મઅનુભવ થાય નહિ.

જુઓ, સરસ ખુલાસો કર્યો છે—જે વિચારતા ભેદજ્ઞાન થાય છે, 'સમસ્ત ગુણરૂપ અને પર્યાયરૂપ ભેદ-વિકલ્પો તથા એક દ્રવ્યરૂપ વસ્તુ, તે એક સત્ત્વરૂપ વસ્તુમાં હોય છે. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણ પીળું-ભારે-ચીકણું એમ કહેવા માટે છે. પરંતુ એક સત્ત્વ છે તેમ જીવદ્રવ્ય જ્ઞાતા-દૃષ્ટા એમ ભેદ કહેવા માટે છે, પરંતુ એક સત્ત્વ છે. એ પ્રમાણે એક સત્ત્વમાં વ્યાપ્ય-વ્યાપકતા હોય છે; અર્થાત્ ભેદ કરવામાં આવે તો વ્યાપ્ય-વ્યાપકતા કહેવામાં આવે છે, પણ અભેદ વસ્તુના અનુભવમાં 'આ વ્યાપ્ય ને આ વ્યાપક' એવા ભેદ રહેતા નથી; ચૈતન્યવસ્તુમાત્ર એક સત્ત્વ અનુભવાય છે. પોતામાં આ દ્રવ્ય-કર્તા ને આ શુદ્ધપર્યાય તેનું કર્મ—એવો ભેદ પાડવો તે વ્યવહાર છે, પણ પર સાથે તો વ્યવહારથીયે કર્તાકર્મપણું નથી. બસ, શુદ્ધવસ્તુમાં અભેદમાં ભેદ ઉપજાવવો તેટલો વ્યવહાર અહીં લીધો, તે સિવાય અશુદ્ધતા કે કર્મ સાથે તો શુદ્ધતત્ત્વને કાંઈ સંબંધ ન લીધો, તેનાથી તો ભિન્નતા જ છે. શુદ્ધચેતનભાવને રાગાદિ સાથે કર્તાકર્મપણું કે વ્યાપ્ય-વ્યાપકપણું નથી, એની તો જાત જ જુદી છે, તેથી તેનું સત્ત્વ જ જુદું ગણ્યું. શુદ્ધ ચૈતન્યસત્ત્વના અનુભવમાં તે રાગાદિનો અભાવ જ છે. આવા પોતાના શુદ્ધસત્ત્વનો અનુભવ કરતાં ભવના અંત આવે છે, ને અતીન્દ્રિય ચૈતન્યશાંતિ અનુભવાય છે.

એક ચૈતન્યવસ્તુમાં દ્રવ્ય-પર્યાયના ભેદ પાડીને, આ કર્તા—આ કર્મ એવા ભેદ કરવામાં આવે તો વ્યવહારથી થાય છે, ને ભેદ ન કરવામાં આવે તો નથી થતા, એટલે કે અભેદ વસ્તુમાત્ર અનુભવાય છે,તે નિશ્ચય છે. એક વસ્તુમાં તેના દ્રવ્ય-પર્યાયના ભેદ પાડીને તેમાં વ્યાપ્ય-વ્યાપકપણું કહી શકાય, પણ અન્ય વસ્તુને અન્ય વસ્તુ સાથે તો કોઈ રીતે વ્યાપ્ય-વ્યાપકતા કહી શકાતી નથી, કેમ કે બંને સત્ત્વ જ જુદા છે. એ જ રીતે ચૈતન્યભાવને રાગભાવ સાથે વ્યાપ્ય-વ્યાપકભાવ નથી, એટલે કર્તા-કર્મપણું પણ નથી, બંનેની જાત જુદી છે. તેથી સત્ત્વ જુદા છે. આ પ્રમાણે ભેદજ્ઞાન વડે ધર્મી જીવ વિકાર અને પરદ્રવ્યોથી શુદ્ધ ચૈતન્યવસ્તુને જુદી અનુભવે છે; ને અભેદના અનુભવ ટાણે દ્રવ્ય-પર્યાયના ભેદનો વિચાર પણ રહેતો નથી. આવો અનુભવ કરનાર ધર્માત્મા, રાગાદિના કર્તૃત્વથી રહિત થયો થકો મોક્ષમાર્ગમાં શોભે છે.

—માટે આવો અનુભવ કર્તવ્ય છે. (ક્રમશઃ)

**ધૂમ્રે રહિત, નહિ વાટ, ન તેલવાળો, ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો;**
**ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે, તું નાથ છો અપર દીપ જગત્પ્રકાશે. ૧૬.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, રવિવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



જે જીવને પોતાનું સિદ્ધપદ પ્રગટ કરવું હોય તેને પોતાના નિજ પરમાત્મા સિવાય કોઈ ઉપાદેય નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પણ ઉપાદેય નથી કેમ કે તે ક્ષણિક અવસ્થા છે, અવસ્થાદષ્ટિથી સમ્યગ્દર્શન થતું નથી. આત્માવસ્તુ ત્રિકાળવર્તી છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે મોક્ષ એ બધાય ભાવો એક સમયવર્તી છે; કોઈ પણ અવસ્થા એક જ સમય પૂરતી છે. બે અવસ્થાઓ કદી ભેગી થતી નથી ને એક અવસ્થા કદી બે સમય ટકતી નથી; પણ દ્રવ્યસ્વભાવ તો જ્યારે જુઓ ત્યારે આખેઆખો વર્તમાન છે, માટે તેની જ શ્રદ્ધા કરવાયોગ્ય છે.

જેમ, મોજું ઊઠે તે મોજા પૂરતું પાણી નથી, પાણી તો શીતળતા વગેરે અનેક સ્વભાવથી ભરેલું સત્ત્વ છે. તેમ આત્મા વસ્તુ છે, તેમાં એક સમયમાં એક ગુણની એક અવસ્થા થાય છે. તે એક અવસ્થા ટળ્યા પછી બીજી અવસ્થા પ્રગટે છે. તે એકેક અવસ્થા જેટલું આત્મતત્ત્વ નથી, પણ ત્રિકાળ પૂરું અને અનંતગુણોના સ્વભાવથી ભરેલું સત્ત્વ તે આત્મા છે. તેમાં અનંત કેવળજ્ઞાનદશા પ્રગટવાની શક્તિ છે. આવા પોતાના આત્માને ઓળખીને તેનો મહિમા કરવો તે મુક્તિનો ઉપાય છે.

આત્મસ્વરૂપ ઓળખીને ધર્મ કેમ થાય તે વાત ચાલે છે. ધર્મ ક્યાંય બહારમાંથી નથી પ્રગટતો, પણ અંતરમાં ત્રિકાળ પૂરો આત્મા છે તેની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં રમણતા કરતાં અશુદ્ધભાવ ટળે છે ને શુદ્ધભાવ પ્રગટે છે તે ધર્મ છે. બહારમાં કાંઈક કરવાની માન્યતા તે અધર્મ છે. શુભરાગ થાય તે જુદી વાત છે પણ તેનાથી લાભ માનવો અગર તો તેને નિશ્ચયનું સાધન માનવું તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે.

આત્મા ચૈતન્યમૂર્તિ અનંતગુણનો પિંડ છે, તેના સ્વભાવમાં દોષ છે જ નહિ. ક્ષણિક પર્યાયમાં દોષ છે પણ ત્રિકાળી ચૈતન્યસ્વરૂપમાં તે નથી. શરીર-મન-વાણીની કોઈ ક્રિયા કે

**ઘેરી શકે કદી ન રાહુ, ન અસ્ત થાય, સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય;**
**તું હે મુનીંદ્ર, નહીં મેઘવડે છવાય, લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય. ૧૭.**

વિકારી ક્રિયા તે આત્મસ્વરૂપ નથી; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે નિર્મળ અવસ્થા છે તેના જેટલુંય આત્મસ્વરૂપ નથી અને પૂર્ણ પવિત્ર સિદ્ધદશા પ્રગટે તે પણ એક સમય જ ટકનારી દશા છે, તે એવી ને એવી ભલે અનંતકાળ રહે છે પણ તે અવસ્થાની હયાતીનો કાળ તો એક જ સમય છે, તેથી તેનો આશ્રય થઈ શકે નહિ; તે સિદ્ધપર્યાય જેટલો પણ આત્મા નથી. માટે અત્યંત આસન્નભવ્ય જીવોએ તે બધાનો આશ્રય છોડીને, એક ક્ષણમાં ત્રિકાળી સામર્થ્યથી ભરપૂર શાશ્વત એકરૂપ સહજચિદાનંદ આત્મસ્વરૂપ જ આશ્રય કરવાયોગ્ય છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને મોક્ષદશા સહજે થઈ જાય છે; પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શનાદિ થતાં નથી.

જે કદી ન ફરે એવું સાચું આત્મસ્વરૂપ શું છે? તે જ કહેવાય છે. ત્રણકાળ ત્રણલોકમાં સત્ય વસ્તુસ્વરૂપને ફેરવી શકે એવો કોઈ પ્રાણી નથી. સત્યને કોઈ જીવ ઊંધી રીતે માને તો તેથી તે જીવને પોતાના ભાવમાં ઊંધાઈ થાય, પણ કાંઈ ત્રિકાળી સત્ સ્વભાવ ફરી જાય નહિ. પોતાના ત્રિકાળ એકરૂપ સત્સ્વભાવને સ્વીકારવો તે મોક્ષનો પંથ છે. ક્ષણિકભાવો સ્વરૂપે પોતાને ન સ્વીકારતાં, પૂરા ગુણસ્વભાવે સ્વીકારીને, તે પૂરો સ્વભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે. અત્યંત નિકટભવ્ય જીવોએ એટલે કે અલ્પકાળમાં સિદ્ધ થનારા જીવોએ, પોતાના આત્માને નમાલો-પરાધીન-વિકારી કે અધૂરો માનવો નહિ પણ પૂર્ણ પરમાત્મસ્વરૂપ હું છું—એમ શ્રદ્ધા કરીને તેનો જ આદર કરવો—તેમાં જ લીન થવું. પૂર્ણદશા પ્રગટ થયા પહેલાં અવસ્થામાં રાગાદિ વિકાર હોય, તેના હોવાપણાની ના નથી, પરંતુ તે રાગના આદરથી ધર્મ થતો નથી. ધર્મી જીવની દૃષ્ટિ તે રાગ ઉપર કે અપૂર્ણતા ઉપર હોતી નથી. શુભરાગ કરતાં કરતાં તેનાથી પરંપરાએ ધર્મ થશે—એમ જે માને છે તે જીવ રાગને ઉપાદેય માને છે પણ રાગરહિત શુદ્ધ જ્ઞાનસ્વભાવને ઉપાદેય માનતો નથી, તેથી તે મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાનીઓ પોતાના સહજ શુદ્ધ આત્મતત્ત્વની દૃષ્ટિમાં રાગને સ્વીકારતા જ નથી; તેથી તેમને જે રાગ હોય તે હેયબુદ્ધિથી છે. 'મારે મારું શુદ્ધસ્વરૂપ જ ઉપાદેય છે. શુભરાગ થાય તે મારું કર્તવ્ય નથી' એવી ધર્મદૃષ્ટિને લીધે ધર્મી જીવને શુદ્ધસ્વભાવ તરફ જ પરિણમન વધતું જાય છે અને રાગાદિ અશુદ્ધતા ટળતી જાય છે. શુદ્ધઆત્માની શ્રદ્ધા કોઈ પુણ્યભાવ વડે થઈ શકતી નથી પણ શુદ્ધભાવથી જ થાય છે. પોતાના શુદ્ધસ્વભાવનો નિશ્ચય કરે તો શુદ્ધભાવ પ્રગટે ને મુક્તિ થાય.

આત્મામાં શુભરાગ કરતાં કરતાં ધર્મ થશે એમ માનનાર જીવને

**મોહાંધકાર દળનાર સદા પ્રકાશી, રાહુ મુખે ગ્રસિત ના, નહિ મેઘરાશી;**
**શોભે તમારું મુખપદ્મ અપાર રૂપે, જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે. ૧૮.**

વીતરાગસ્વભાવનો આદર નથી પણ રાગનો આદર છે. તે વીતરાગનો ભક્ત નથી, મિથ્યાદૃષ્ટિ છે. જેણે વિકારને કર્તવ્ય માન્યું તે જીવ પાખંડી—અધર્મી છે. પુણ્ય કરવાથી ધર્મમાં આગળ વધી શકાતું નથી પણ પુણ્યરહિત શુદ્ધ આત્મસ્વભાવ છે તેની પહેલાં શ્રદ્ધા કરવાથી જ આગળ વધી શકાય છે. સ્વભાવનો આદર અને આશ્રય કરતાં કરતાં જ વીતરાગતા ને કેવળજ્ઞાન થાય છે. ચિદાનંદસ્વભાવની શ્રદ્ધા જ આગળ વધવાનો મૂળ ઉપાય છે. જે રાગ થાય તે વીતરાગતાનો માર્ગ નથી, વસ્તુનો ધર્મ નથી. શ્રીતીર્થંકર ભગવંતોએ પોતાના પરમ આત્મસ્વભાવને ઓળખીને તેના જ આશ્રયથી પૂર્ણ મુક્તદશા પ્રગટ કરી છે. જે અનાદિ સ્વભાવમાર્ગ છે તે માર્ગને અનુભવીને પોતે પૂર્ણ થયા અને દિવ્યધ્વનિ દ્વારા તે માર્ગ જગતને દેખાડ્યો. અનંતકાળમાં ગમે ત્યારે એક આ જ માર્ગથી મુક્તિ પમાય છે.

‘આત્માનો જે યથાર્થ સ્વભાવ છે તે ન સમજાય માટે પહેલેથી જે કરીએ છીએ તે જ કર્યા કરો’—એમ અજ્ઞાનીઓ માને છે. તેનો અર્થ એ થયો કે અનાદિથી જે અજ્ઞાનભાવ કરતો આવે છે તે જ ચાલુ રાખવો છે ને સ્વભાવ સમજવો નથી; અનાદિથી જે રીતે સંસારમાં રખડ્યો છે તે જ રીતે સંસારમાં રખડ્યા કરવું છે. ભાઈ રે, અનાદિથી જે ભાવો કરી કરીને તું સંસારમાં રખડે છે તેનાથી તદ્દન જુદી જાતનો ધર્મનો માર્ગ છે. માટે તે સમજ, તો તારો ઉદ્ધાર થાય. જે ઉપાય છે તે જાણ્યા વગર સત્ય માર્ગ હાથ આવશે નહિ.

પોતે કારણપરમાત્મા છે. સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન તો કાર્ય છે. તે નવું પ્રગટે છે. તે કાર્ય પ્રગટ્યા પહેલાં પણ તેના કારણરૂપ ત્રિકાળશક્તિ છે; તે કારણપરમાત્માના આશ્રયે જ ધર્મ છે, પુણ્ય-પાપ કે નિર્મળપર્યાયના આશ્રયે ધર્મ નથી.

પ્રશ્ન :—શું સમ્યગ્દર્શન-પર્યાયના આશ્રયે પણ ધર્મ નથી?

ઉત્તર :—સમ્યગ્દર્શન કાંઈ ત્રિકાળીસ્વભાવ નથી, તે પણ ક્ષણિકપર્યાય છે. જો તે પર્યાયનો આશ્રય (—લક્ષ, એકતા) કરવા જાય તો પર્યાયદૃષ્ટિ થાય. પર્યાયદૃષ્ટિ તે મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન-પર્યાય પોતે ધર્મ છે પણ તેને આશ્રય તો ત્રિકાળી સ્વભાવનો જ છે.

અહો! આત્માનો પોતાનો સ્વભાવ જ પ્રભુ છે, મહિમાવાળો છે. જીવે પોતાના સ્વભાવની પ્રભુતા કદી હોંશથી સાંભળી નથી અને સ્વીકારી નથી. જો જ્ઞાનીઓ પાસેથી સાંભળીને એકવાર પણ પોતાની પ્રભુતાનો મહિમા ઓળખે તો પોતે પ્રભુ થયા વગર રહે

**શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી, અંધારું તુજ મુખચંદ્ર હરે પછીથી;**
**શાલી સુશોભિત રહી નીપજી ધરામાં, શી મેઘની ગરજ હોય જ આભલામાં. ૧૯.**

જ નહિ. જીવ જ્યાં ગયો ત્યાં તેણે પુણ્યની અને પરાશ્રયની વાત સાંભળી છે ને તેમાં ધર્મ માન્યો છે. પણ તે પુણ્ય તો ક્ષણિક વિકાર છે, તે સિવાયનો ત્રિકાળી ચિદાનંદ આત્મા છે, તેને લક્ષમાં લેવો તે સમ્યગ્દર્શન છે. જુઓ તો ખરા! પોતે જ પરમાત્મા છે. તેને તો માનતો નથી અને બહારમાં ભટકે છે. આચાર્યભગવાન ફરમાવે છે કે મુમુક્ષુઓને પોતાના પરમાત્માને છોડીને બીજી કોઈ વસ્તુ ઉપાદેય નથી. અત્યારે જ હું કૃતકૃત્ય પરિપૂર્ણ છું. મોક્ષદશા નથી ને પ્રગટ કરું–એવા બે પ્રકારો મારા એકરૂપ સ્વરૂપમાં પડતા નથી;—આવી અંતર્દૃષ્ટિ વગર જીવનું કલ્યાણ થાય નહિ. શુદ્ધાત્મસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન હોવા છતાં નીચલી દશામાં અસ્થિરતાને લીધે શુભરાગ થાય છે. જો નીચલી દશામાં શુભ છોડે તો ઉલટું પાપ થાય. પરંતુ આથી એમ ન સમજવું કે શુભરાગ સારો છે ને કરવા જેવો છે. જો શુભરાગને સારો માને તો મિથ્યાત્વ છે. શ્રદ્ધા-જ્ઞાનમાં સારું માનીને આદરવા જેવું તો એક પરમાત્મસ્વરૂપ જ છે.

પ્રશ્ન :—જો શુભરાગથી ધર્મ નથી થતો, તો પછી તેની જરૂરિયાત શું છે? શુભ કરવા જ નહિ!

ઉત્તર :—ભાઈ રે! કોણે કહ્યું કે શુભની જરૂરીયાત છે? જો શુદ્ધ આત્મ-સ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતા કરીને શુભ છોડી દેશે તો તો વીતરાગતા થશે. એ તો ઉત્તમ છે. કેવળી ભગવાનને શુભભાવ હોતા જ નથી. પણ જેને હજી રાગરહિત સ્વરૂપસ્થિરતા પ્રગટી નથી અને રાગવાળી ભૂમિકામાં રહેલો છે તે જીવને કાં તો શુભરાગ હોય ને કાં તો અશુભરાગ હોય. રાગી જીવ જો શુભરાગ છોડશે તો તેને અશુભરાગ જ થશે. એ અશુભથી બચવા ધર્મી જીવને પણ શુભરાગ થાય છે. પણ તેઓ રાગને કરવા જેવો માનતા નથી.

પ્રશ્ન :—શુભરાગનું ફળ શું?

ઉત્તર :—રાગનું ફળ સંસાર છે. શુભરાગથી પુણ્ય બંધાય, ને પુણ્યથી સંસાર ફળે, પણ પુણ્યથી ધર્મ થાય નહિ. અજ્ઞાની જીવ શુભરાગને જ આદરણીય માને છે તેથી મિથ્યાત્વનું પોષણ કરીને તે નિગોદમાં જાય છે. અને જ્ઞાની જીવ શુદ્ધ આત્મસ્વભાવને જ આદરણીય માને છે ને રાગને હેય સમજે છે તેથી તે સ્વભાવનો આદર કરતાં કરતાં, રાગનો અભાવ કરીને અલ્પકાળમાં સિદ્ધ પરમાત્મા થઈ જાય છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ તે હું, પુણ્ય-પાપ તે હું નહિ–એવી શ્રદ્ધાપૂર્વક વર્તમાનમાં જેટલો રાગ ટળ્યો તેટલો ધર્મ છે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે, તેવું નહીં હરિહરાદિકના વિષે તે;**
**રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્વ ભાસે, તેવું ન કાચ કટકે ઉજળે જણાશે. ૨૦.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે અતીત, અનાગત, વર્તમાન પર્યાયોની સંખ્યા કહે છે :—

तेसु अतीदा णंता, अणंतगुणिदा य भाविपज्ञाया ।
एक्को वि वट्टमाणो, एत्तियमित्तो वि सो कालो ॥२२१॥

અર્થ :—તે દ્રવ્યોના પર્યાયોમાં અતીત પર્યાય અનંત છે, અનાગત પર્યાય તેમનાથી અનંતગણી છે તથા વર્તમાન પર્યાય એક જ છે. એ જેટલા પર્યાય છે તેટલો જ વ્યવહાર કાળ છે. એ પ્રમાણે દ્રવ્યોનું નિરૂપણ કર્યું.

દરેક દ્રવ્ય ત્રિકાળ છે, તેમાં ભૂતકાળની અનંત પર્યાયો થઈ ગઈ, વર્તમાનમાં એક પર્યાય પ્રગટ વર્તે છે તથા ભવિષ્યકાળની પર્યાય ભૂતકાળથી અનંતગણી છે, ભૂતકાળ પણ અનંત છે અને ભવિષ્યકાળ પણ અનંત છે. પરંતુ ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગણો છે. સંસાર અનાદિ-શાંત છે, તેનો જેટલો કાળ છે, તેની સરખામણીમાં મોક્ષ પ્રાપ્ત કરવાવાળા જીવને મોક્ષદશાનો કાળ અનંતગણો વધારે છે.

ભાઈ ! ભૂતકાળથી ભવિષ્યકાળનો એક સમય જ વધારે નથી પરંતુ અનંતગણો વધારે છે. જોકે અહીં તો સમસ્ત દ્રવ્યોની વાત છે, તોપણ આ વાતને જીવ ઉપર સરખામણી કરીએ તો જીવનો સંસાર પર્યાયમાં જેટલો કાળ વીત્યો છે, તેનાથી મોક્ષપર્યાયનો કાળ અનંતગણો છે.

ભૂતકાળનો પ્રારંભ નથી પરંતુ અંત છે તથા ભવિષ્યકાળનો પ્રારંભ છે પરંતુ અંત નથી; માટે એ બંને સમાન છે—એમ કોઈ કહે તો તે વાત મિથ્યા છે. અનંત-અનંત પર્યાયો ભવિષ્યમાંથી ભૂતકાળમાં જશે, ત્યારે પણ જુઓ તો ભૂતકાળથી ભવિષ્યકાળ અનંતગણો જ રહેશે.

પર્યાયથી દ્રવ્યનું સામર્થ્ય અનંતગણું છે, માટે દ્રવ્યના આશ્રયે જે સિદ્ધદશા પ્રગટ થઈ, તેનો કાળ સંસારથી અનંતગણો છે. વર્તમાનરૂપે જોઈએ તો સિદ્ધમાં અનંત સુખ છે અને કાળ અપેક્ષાએ પણ સિદ્ધદશાનો કાળ સંસારથી અનંતગણો છે. વિકારના

**માનું રૂડું હરિહરાદિકને દીઠા તે, દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે;**
**જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ, જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ. ૨૧.**

અનુભવમાં જેટલો કાળ વીત્યો, તેનાથી સ્વભાવના અનુભવનો કાળ અનંત-અનંતગણો વધારે છે. તાત્પર્ય એ છે કે આત્મામાં વિકાર તો ક્ષણિક છે, અલ્પ છે; વિકારની તુલનામાં સ્વભાવ અનંત-અનંતગણો છે. ભૂતકાળથી અનંતગુણી ભવિષ્યની પર્યાય થવાનું સામર્થ્ય દ્રવ્યમાં ઉપસ્થિત છે. તે ભવિષ્યનો ક્યારેય અંત નહીં આવે અને જ્યારે જુઓ ત્યારે ભૂતકાળથી અનંતગણો જ રહેશે.

ભૂતકાળ અને ભવિષ્યકાળ સમાન છે. પરંતુ વર્તમાન એક સમયને ભવિષ્યમાં મેળવીને કહેવાથી ભવિષ્યનો કાળ એક સમય વધારે છે—એમ કોઈ મત કહે છે. હકીકત એમ કહેવાવાળા વસ્તુસ્વરૂપને સમજ્યા નથી. જો ભવિષ્યકાળ માત્ર એક સમય જ વધારે હોય તો અનંત સમય વીતી જાય ત્યારે તો ભવિષ્યકાળ ઓછો થઈ જાય અને ભૂતકાળ તેનાથી વધારે થઈ જશે ? પરંતુ એમ કદાપિ થઈ શકતું નથી. જ્યારે જુઓ ત્યારે ભૂતકાળથી ભવિષ્યની પર્યાય અનંતગણી છે.

પર્યાયની તુલનામાં દ્રવ્યનું સામર્થ્ય અનંતગણું છે અને સંસારના કાળથી મોક્ષ પર્યાયનો કાળ પણ અનંતગણો છે. સંસારથી સિદ્ધદશાનું સામર્થ્ય તો અનંતગણું છે જ પરંતુ કાળ અને સંખ્યાથી પણ અનંતગણું છે. ભવિષ્યની અનંત પર્યાય, ભૂતકાળમાં મળી જવા છતાં ભૂતકાળ ક્યારેય ભવિષ્યકાળથી વધારે થઈ શકતો નથી. પર્યાયબુદ્ધિવાળા જીવને આ વાત સમજમાં આવવા યોગ્ય નથી. આહાહા ! ભૂતકાળમાં જે અનંતી પર્યાય વીતી ગઈ, તેનાથી અનંત-અનંતગણી પર્યાય થવાનું સામર્થ્ય દ્રવ્યમાં ઉપસ્થિત છે—એમ સમજવાવાળા દ્રવ્યસ્વભાવની સન્મુખ ઢળી જાય છે.

અજ્ઞાની જીવ જગતમાં સમાનતા કરવા ઈચ્છે છે પરંતુ ભાઈ ! જગતમાં પુણ્ય-પાપની વિચિત્રતા છે અને તેના ફળમાં પણ વિચિત્રતા છે, તેમાં સમાનતા થઈ શકતી નથી.

૧—સિદ્ધદશામાં બધા જીવો સમાન છે, ત્યાં પવિત્રતામાં સમાનપણું છે.

૨—યુગલિયા જીવોમાં આયુષ્ય આદિમાં લગભગ સમાનતા છે, ત્યાં પુણ્ય સામગ્રીની પણ લગભગ સમાનતા છે, પરંતુ પોતાના પરિણામોમાં તો અંતર હોય જ છે. કોઈ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય છે તો કોઈ મિથ્યાદષ્ટિ હોય છે.

૩—નિગોદના જીવોમાં અનંત જીવોને શરીરાદિની સમાનતા છે.

**સ્ત્રી સેંકડો પ્રસવતી કદિ પુત્ર ઝાઝા, ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા;**
**તારા અનેક ધરતી જ દિશા બધીય, તેજે સ્ફુરિત રવિને પ્રસવે જ પૂર્વ. ૨૨.**

તેનાથી વિશેષ જગતના મનુષ્ય આદિમાં સમાનતા નથી થઈ શકતી કારણ કે સંસારના સમસ્ત જીવોમાં પરિણામ એક સરખા હોઈ શકતા નથી. દરેક જીવના પરિણામ ભિન્ન-ભિન્ન છે અને તેમના સંયોગ પણ ભિન્ન-ભિન્ન છે.

ભાઈ ! અહીં તો વસ્તુસ્વરૂપની સૂક્ષ્મ વાત છે. ભૂતકાળથી ભવિષ્યકાળની પર્યાય અનંતગણી છે. જે જીવ, ભલે અનંતકાળ પછી સિદ્ધ થશે, તે જીવને પણ સંસારથી સિદ્ધદશા અનંતગણી છે. અભવ્ય જીવને પણ ભૂતકાળથી ભવિષ્યકાળની સંસાર પર્યાય અનંતગણી છે; પ્રત્યેક પદાર્થની ભૂતકાળથી ભવિષ્યકાળની પર્યાયની સંખ્યા અનંતગણી વધારે છે.

હવે દ્રવ્યોના કારણ-કાર્યભાવનું નિરૂપણ કરે છે :—

**पुव्वपरिणामजुत्तं, कारणभावेण वट्टदे दव्वं ।**
**उत्तरपरिणामजुदं, तं चिय कज्जं हवे णियमा ।।२२२।।**

અર્થ :—નિયમથી પૂર્વપરિણામ સહિત દ્રવ્ય છે તે કારણરૂપ છે તથા ઉત્તરપરિણામ સહિત દ્રવ્ય છે તે કાર્યરૂપ છે.

પરિણામ અને દ્રવ્ય, સર્વથા એક નથી. પરિણામની સ્થિતિ એક સમયની છે અને દ્રવ્યની સ્થિતિ ત્રિકાળ છે. જો તે સર્વથા અભેદ હોય તો પરિણામના નાશ થવાથી દ્રવ્યનો જ નાશ થઈ જાય પરંતુ એમ થતું નથી.

પૂર્વ પરિણામસહિત દ્રવ્ય કારણ છે અને બીજા પરિણામ થયા, તે કાર્ય છે અર્થાત્ ઉત્તર પરિણામ સહિત દ્રવ્ય કાર્ય છે. અજ્ઞાન પરિણામનો નાશ થઈને, જ્ઞાનપરિણામ થયા તો તેનું કારણ કોણ છે? ગુરુ આદિ તો નિમિત્ત છે. તેનું કારણ પૂર્વ અજ્ઞાનપર્યાયરૂપ પરિણમિત આત્મા જ જ્ઞાનપરિણામનું કારણ છે. જુઓ, અત્યારે તો આ પણ વ્યવહાર છે, પૂર્વ પરિણામને ઉત્તર પરિણામનું કારણ કહેવું પણ વ્યવહાર છે.

(ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

અને જે રાગ રહ્યો તેનો જ્ઞાનીને નિષેધ છે. સાધક જીવને નીચલી દશામાં રાગ સર્વથા છૂટી ન શકે. પણ રાગમાં ઉપાદેયબુદ્ધિ છૂટી શકે છે. રાગ હોય તેને પોતાનું સ્વરૂપ માનવું કે ન માનવું તે શ્રદ્ધાને આધારે છે. જો રાગને પોતાનું સ્વરૂપ માને તો મિથ્યાશ્રદ્ધા છે, તે જ અધર્મ છે. અને રાગરહિત પોતાના ચૈતન્યસ્વરૂપને માને તો સમ્યક્શ્રદ્ધા છે, તે ધર્મ છે.

(ક્રમશઃ) ❊

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૮, ગાથા ૧૧)

**૮૪ના અવતારમાં રખડતા પાગલ જીવને ડાહ્યા કરવાની રીત શું?**

આ ઈષ્ટોપદેશ છે. અહીં શિષ્યને પ્રશ્ન થાય છે કે સ્ત્રી આદિ પ્રત્યે રાગ અને શત્રુ પ્રત્યે દ્વેષ કરવાવાળો પુરુષ પોતાનું શું બગાડે છે ? જેથી આપ રાગ-દ્વેષ કરવા લાયક નથી એમ કહો છો.

પોતાના સિવાય સ્ત્રી આદિ પર પદાર્થમાં રાગ કરે એટલે એના પ્રત્યે પ્રેમ છે તો બીજા પ્રત્યે દ્વેષ હોય જ છે. સમ્યગ્દૃષ્ટિ તો હું જ્ઞાતાદ્રષ્ટા છું એવી દૃષ્ટિ હોવાથી જગતમાં કોઈ પદાર્થ એને પ્રેમ કરવાલાયક તથા દ્વેષ કરવાલાયક છે જ નહીં. આત્મા તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે, એવું ભાન થયું કે હું તો જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્ય છું. મારા સિવાય અન્ય પદાર્થ અનંત છે તે મારા જ્ઞાનમાં જ્ઞેય છે, જાણવાલાયક છે, એવું ધર્મી જીવ જાણે છે. પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાન-આનંદરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે તેથી જ્ઞાની પોતાના સિવાય અનંત પદાર્થના બે ભાગ કરતા નથી. એક ઈષ્ટ છે ને એક અનિષ્ટ છે એવા ભાગ સમ્યગ્જ્ઞાની કરતા નથી. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદરૂપ છે એવું જેને ભાન નથી એવા અજ્ઞાની પ્રાણી, જગતના બધા પદાર્થ જ્ઞાનમાં જ્ઞેય તરીકે હોવા છતાં એક ઠીક છે, ગ્રહણ કરવાલાયક છે, એક અઠીક છે, દ્વેષ કરવાલાયક છે એમ બે ભાગ મિથ્યાદૃષ્ટિ કરે છે.

અમારો આ પદાર્થ, અમારું ગામ, અમારો દેશ, એવો જેને પ્રેમ છે એને એનાથી વિરુદ્ધ પદાર્થ પર દ્વેષ હોય છે, હોય છે ને હોય છે. સ્ત્રી આદિ પ્રિય પદાર્થ છે, શરીર પ્રિય છે, એમાં પ્રેમ કરવો તથા બીજો પદાર્થ એનાથી વિરુદ્ધ છે એમાં દ્વેષ કરવો—આમાં બગાડ શો આવ્યો ? શિષ્યનો પ્રશ્ન છે કે જો રાગ-દ્વેષ કરવાલાયક નથી એવું તમે કહો છો તો એનો હેતુ શું છે ? તેના સમાધાનરૂપે આચાર્યદેવ ગાથા કહે છે.

रागद्वेषद्वयी दीर्घनेत्राकर्षणकर्मणा ।
अज्ञानात्सुचिरं जीवः संसाराब्धौ भ्रमत्यसौ ।।११।।

માને પરંપુરુષ સર્વ મુનિ તમોને, ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે;
પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીંદ્ર, છે ના બીજો કુશળ મોક્ષ તણો જ પંથ. ૨૩.

દીર્ઘ દોર બે ખેંચતાં, ભમે દંડ બહુ વાર,
રાગ-દ્વેષ અજ્ઞાનથી, જીવ ભમે સંસાર. ૧૧.

જેની દૃષ્ટિ મિથ્યા છે તે અજ્ઞાનથી અર્થાત્ પોતાનું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ છે, જગતનો જ્ઞાતા-દ્રષ્ટા છે, પોતામાં કોઈ ચીજ પ્રિય-અપ્રિય છે નહીં—એવું સમ્યક્‌જ્ઞાન ન હોવાથી અજ્ઞાની રાગ-દ્વેષરૂપી બે લાંબી દોરી ખેંચી ખેંચીને સંસારરૂપી સમુદ્રમાં ઘણો સમય સુધી ભમતો રહે છે.

પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપને ભૂલીને શરીર ઠીક હો તો મને ઠીક, મારો દેશ ઠીક હો તો મને ઠીક, મારું કુટુંબ ઠીક હો તો મને ઠીક—એમ અજ્ઞાની રાગ કરે છે, મિથ્યાદૃષ્ટિના રાગની અહીં વાત છે. અમારા સંપ્રદાયના શ્રાવક બધાં સુખી હો તો અમને ઠીક. એનો અર્થ કે જેણે શ્રાવકને પોતાના માન્યા તે મિથ્યાદૃષ્ટિ છે. પોતાનું કોઈ છે જ નહીં. શ્રાવક-શ્રાવિકા-સંપ્રદાય એ કોઈ પોતાનું છે જ નહીં.

અમારું કુટુંબ-સ્ત્રી આદિ બધા સુખી હોય તો ઠીક એવો જે રાગ છે, તે મિથ્યાદૃષ્ટિના મહાન મિથ્યાત્વના પાપની ભૂમિકામાં આવો રાગ હોય છે. કેમકે જગતની ચીજ જ્ઞેય તરીકે એકરૂપ છે ને આત્મા જ્ઞાતા તરીકે એકરૂપ છે પરંતુ અજ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન છોડી દઈને જ્ઞેય તરીકે જાણવાલાયક એકરૂપમાં બે ભાગ પાડ્યા છે.

પોતાનું સ્વરૂપ જ્ઞાન-જ્ઞાતા-દ્રષ્ટા છે તેને છોડીને જે અનંત ચીજ છે તે જ્ઞાનમાં ઈષ્ટ-અનિષ્ટ કરવા લાયક છે જ નહિ. બધી ચીજ જ્ઞાનમાં જાણવાલાયક છે. આત્મા પ્રત્યે પ્રેમનો વિકલ્પ આવે છે એ બીજી વાત છે પરંતુ એ પ્રેમ સારો છે એવું માનવાવાળા પર પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે જ નહીં. અહીં કહે છે કે આત્માનું સ્વરૂપ શુદ્ધચિદાનંદ છે એનું જેને જ્ઞાન નથી તે પોતાના સિવાય બીજા પદાર્થમાં કોઈને પ્રેમ કરે છે તો કોઈ પ્રત્યે દ્વેષ કરે છે, અજ્ઞાનીને આવો રાગ-દ્વેષ કરવાથી પોતાનો ચૈતન્ય પ્રાપ્ત થતો નથી.

અજ્ઞાનથી એક ઉપર પ્રેમ કરે છે તો બીજા ઉપર દ્વેષ થયા વિના રહેશે જ નહિ. પોતે વિશ્વ ઉપર પ્રેમ કરે તો વિશ્વ પ્રત્યે પ્રેમ નહિ કરનાર ઉપર દ્વેષ થયા વિના રહેશે નહિ. આ અજ્ઞાનીના રાગદ્વેષની વાત છે. જ્ઞાનીને થોડો રાગ હોય છે. એને એ જ્ઞેય તરીકે જાણે છે, રાગનો રાગ નહિ, દ્વેષનો દ્વેષ નહિ. રાગ આદિ થોડા વિકલ્પો હોય છે. એને

તું આદ્ય, અવ્યય, અચિંત્ય, અસંખ્ય, વિભુ છે બ્રહ્મા, ઈશ્વર, અનંત, અનંગકેતુ;
યોગીશ્વરં, વિદિત યોગ, અનેક એક, કે'છે, તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત. ૨૪.

સમ્યગ્દષ્ટિ જાણે છે. શુભ રાગ ઠીક ને અશુભ રાગ અઠીક એવું મિથ્યાદષ્ટિ માને છે. એક બાજુ રામ ને એ બાજુ ગામ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એને જગતની બીજી કોઈ ચીજ પ્રેમ કરવાલાયક છે જ નહિ. પ્રેમ કરવા લાયક જો કોઈ પદાર્થને માન્યો તો એના વિરુદ્ધમાં દ્વેષ કર્યા વગર રહેશે નહિ. રાગ-દ્વેષ કરવો એ આત્માનો સ્વભાવ છે જ નહિ. છતાં એ રાગ-દ્વેષ કરે છે એ મિથ્યાદષ્ટિ રાગ-દ્વેષનો કર્તા થઈને નવા કર્મ બાંધે છે ને ૮૪માં રખડે છે. એવા પાગલને ડાહ્યા કરવાની રીત શું ?—કે આત્મા જ્ઞાનસ્વરૂપી છે એવો નિશ્ચય કરો અને કોઈપદાર્થ પ્રેમ કે દ્વેષ કરવા લાયક જગતમાં છે જ નહીં આવો નિર્ણય કરવો તે પાગલમાંથી ડાહ્યા કરવાની રીત છે.

ત્યાગી નામ ધારીને, શ્રાવક નામ ધારીને જો તે એમ માને કે શરીર ઠીક હોય તો ધર્મ ઠીક થાય—એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. શરીર નીરોગી હશે તો મારાથી દયા થશે એવું જે માને છે તે મૂઢ મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિ રાગ કરે છે તો શક્તિરૂપે દ્વેષ છે જ અને જો દ્વેષ કરે છે તો શક્તિરૂપે રાગ છે જ. જ્ઞાની સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ હોતા નથી, પોતાની કમજોરીથી થોડો રાગ આદિ આવે છે તે રાગનો રાગ નથી પરંતુ રાગનું જ્ઞાન કરે છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિ જે મૂઢ જીવ છે તેને કોઈપણ પ્રાણી પ્રત્યે આ દયા પાળવાલાયક જીવ છે, રક્ષા કરવાલાયક છે એવો જે રાગ છે એ મિથ્યાદષ્ટિનો રાગ છે. એને જો રાગ આવ્યો તો એનાથી વિરુદ્ધ દ્વેષ આવશે જ.

જીવ અજ્ઞાનથી રાગ-દ્વેષરૂપી બે લાંબી દોરી વડે સંસારમાં રખડતો રહે છે. એક તરફ રાગ કે આ પ્રાણી રક્ષા કરવા લાયક છે, આ દેહ મારો છે, આ શરીર, આ સ્ત્રી મારી છે એવો પ્રેમ અને તેનાથી વિરુદ્ધમાં દ્વેષ ભાવ, એવા રાગ-દ્વેષરૂપી લાંબી દોરીના ખેંચતાણથી સંસારરૂપી સાગરમાં ઘણા કાળ સુધી ઘૂમતો રહે છે. ૮૪ના અવતારમાં તરફડતો રહે છે. પરિવર્તન કરતો રહે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવ એ પંચ પરાવર્તનરૂપ આ સંસારમાં રખડ્યા કરે છે.

આ સંસારમાં આત્મા સિવાય અનંત રજકણો છે, એના સંબંધમાં રખડવાનું છે તે દ્રવ્ય સંસાર પરાવર્તન છે. આત્માને ૧૪ બ્રહ્માંડમાં દરેક ક્ષેત્રમાં જન્મ લેવો તથા મરવું તે ક્ષેત્રપરાવર્તન છે. દરેક સમયમાં અનંતવાર જન્મ લેવા તથા મરવું તે કાળપરાવર્તન છે. નરક-મનુષ્ય-ઢોર-સ્વર્ગ એવા અનેક ભવ કરવા તે ભવપરાવર્તન છે. શુભ ને અશુભભાવ, દયા-દાન, વ્રત પરિણામ તે શુભ, જૂઠું, ચોરી, હિંસા, અશુભ એમાં રખડવું

(જુઓ અનુસંધાન પેજ નં. ૭ ઉપર)

**છો બુદ્ધિ બોધથકી હે સુરપૂજ્ય બુદ્ધ, છો લોકને સુખદ શંકર તેથી શુદ્ધ;**
**છો મોક્ષમાર્ગ વિધિ ધારણાથી જ ધાતા, છો સ્પષ્ટ આપ પુરુષોત્તમ સ્વામી ત્રાતા.૨૫.**

# ધર્મી થવાનો રસ્તો

ધર્મી જીવ કેવો હોય ? અને કેવા જ્ઞાનભાવને લીધે તેને નિર્જરા થાય ? તેનું આ વર્ણન છે. જેણે પોતાના આત્માને એક જ્ઞાનમય સ્વરૂપ અનુભવ્યો છે, ને એના સિવાયના બધા ભાવોમાં આત્મબુદ્ધિ છૂટી ગઈ છે, એવા જીવને રાગ વગરનો જે જ્ઞાનમયભાવ તે ધર્મ છે, તેનાથી નિર્જરા થાય છે.

પ્રશ્ન :–આ તો જે ધર્મી અને જ્ઞાની થયા છે તેમની વાત થઈ, પણ અમારે જ્ઞાની થવા માટે શું કરવું ?

ઉત્તર :–ભાઈ, જ્ઞાનીએ જે કર્યું તે તું કર. જ્ઞાનીએ પોતાના સ્વભાવને ઓળખીને રાગાદિ પરભાવનો પ્રેમ છોડ્યો, તેમ તું પણ રાગ વગરના તારા જ્ઞાનાનંદ સ્વભાવને ઓળખ, ને પરભાવનો પ્રેમ છોડ,–તે જ ધર્મી થવાની રીત છે. વિભાવ વગરનો અનંતગુણથી ભરેલો જે જ્ઞાયકભાવ તેને ગુરુગમ દ્વારા લક્ષમાં લઈને અનુભવ કરવો–તે જ જ્ઞાની અને ધર્મી થવાનો રસ્તો છે, તે જ મોક્ષનો માર્ગ છે.

જડ લક્ષ્મી કે જડ શરીરની ક્રિયાઓ, તે તો આત્મામાં છે જ નહીં. હવે જે રાગદ્વેષાદિ દુ:ખભાવો તે પણ આનંદના સમુદ્રમાં નથી. આનંદનો સમુદ્ર ચૈતન્યમૂર્તિ આત્મા છે.... તેની સન્મુખ થયો ત્યાં રાગાદિ ભાવો રહેતા નથી. આ રીતે સંયોગથી જુદો, શુભ રાગાદિ ભાવોથી પણ જુદો, એકલો જ્ઞાનરસથી ભરેલો પોતાનો આત્મા, તેને અંતરમાં દેખવો-અનુભવવો તે અપૂર્વ મંગળ છે. ધર્મીએ આમ કર્યું–તેની બરાબર ઓળખાણ કરીને પોતામાં પણ આવા ભેદજ્ઞાનનો ભાવ પ્રગટ કરવો–તે ધર્મી થવાનો રસ્તો છે.

અહો, આવો જે જ્ઞાનસ્વભાવ, તેને ચૂકીને બહારની કોઈપણ ઈચ્છા-અશુભ કે શુભ–તેના વેદનમાં દુ:ખ જ છે. પદાર્થને ભોગવવાની ‘ઈચ્છા કરનારો ભાવ’ પોતે તો તેને ભોગવતો નથી, અને હું ભોગવું એવો જે ભાવ છે તે વખતે તો ઈચ્છા કરનારો ભાવ નથી. ઈચ્છા કરનારો ભાવ અને ભોગવનારો ભાવ તે બંને કદી ભેગા થતા નથી; માટે ઈચ્છાઓ નિરર્થક છે, દુ:ખરૂપ છે, આકુળતા કરનારી છે. ઈચ્છા વગરનો જે જ્ઞાનસ્વભાવ છે તેમાં પર્યાયને એકાગ્ર કરતાં જ શાંતિ, નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આવા અનુભવરસનો સ્વાદ ચાખનાર ધર્મી જીવને કોઈપણ પદાર્થની ઈચ્છા રહેતી નથી; એટલે આખા સંસારથી તે વિરક્ત છે. ને પોતાના એક જ્ઞાયકભાવમાં જ એકતા કરીને તેને જ સત્યપણે, ભૂતાર્થપણે, સ્વપણે, સુખપણે અનુભવે છે, તેમાં જ તેનો ઉત્સાહ છે; પરભાવો તરફનો ઉત્સાહ છૂટી ગયો છે, તેમાંથી એકતા છૂટી ગઈ છે, તેને તે સ્વપણે અનુભવતો નથી. આવી અંદરની જ્ઞાનપરિણતિ તે ધર્મ છે; ને ભેદજ્ઞાનના અભ્યાસ વડે આવી દશા પ્રગટ કરવી તે ધર્મી થવાનો રસ્તો છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—જ્ઞાનીના વ્યવહાર પ્રતિક્રમણ પણ બંધનું કારણ છે, એમ કહેવાનું પ્રયોજન શું?**

ઉત્તર :—નિશ્ચયદષ્ટિવાળા જ્ઞાનીના વ્યવહાર પ્રતિક્રમણ આદિ પણ બંધનું કારણ છે તેમ કહીને વ્યવહારનું આલંબન છોડાવ્યું છે. જિનેન્દ્રનું સ્મરણ, ભક્તિ, સ્વાધ્યાય, મંદિર કરવું, પ્રતિષ્ઠા કરવી, શાસ્ત્રો બનાવવા, વ્રત, તપ આદિના અનેક પ્રકારના શુભ-આલંબનમાં ચિત્તનું ભ્રમણ થયા કરતું હોવાથી તેનું આલંબન પણ છોડાવી શુદ્ધ સ્વરૂપના થાંભલે ચિત્તને બાંધ્યું છે–શુદ્ધ સ્વરૂપનું આલંબન કરાવ્યું છે.

**પ્રશ્ન :—પંચાસ્તિકાયની ૧૭૨મી ગાથામાં તો એમ કહ્યું છે કે ભિન્ન સાધ્ય–સાધનરૂપ વ્યવહારને ન માને તો મિથ્યાદષ્ટિ છે—તેનો અર્થ શું છે?**

ઉત્તર :—સાધક અવસ્થામાં શુદ્ધતાના અંશની સાથે ભૂમિકા પ્રમાણે શુભરાગ પણ આવે છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે, અને ઉપચારથી તે રાગને વ્યવહાર સાધન કહ્યું છે. તે વ્યવહારનાં આશ્રયે નિશ્ચય પમાય એવો તેનો આશય નથી પણ સાધકને તે બંને સાધન એક સાથે વર્તે છે તેનું જ્ઞાન કરાવવા માટે તે કથન છે. સાધકને તે બંને વર્તે છે એમ ન માને તો તે મિથ્યાદષ્ટિ છે એમ સમજવું, પણ રાગાદિ વ્યવહારસાધનના અવલંબનથી નિશ્ચયસાધન પમાઈ જશે એમ ન સમજવું.

**પ્રશ્ન :—ભગવાને કહેલા વ્યવહારનું પાલન કરવા છતાં અભવીને આત્માનું આલંબન જ નથી? અને તિર્યંચ સમ્યગ્દષ્ટિને વ્યવહાર નથી છતાં આત્માનું આલંબન છે?**

ઉત્તર :—હા. અહીં ખૂબી તો એ છે કે વ્યવહાર પણ ભગવાન જિનેન્દ્રે જોયો છે અને તેમણે કહ્યો છે તેવા વ્યવહારનું પાલન કરવા છતાં આત્માનો આશ્રય લેતો નથી તેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થતા નથી. બીજાએ કહેલા વ્યવહારની તો વાત નથી. સર્વજ્ઞ ભગવાને કહેલા વ્યવહારનો પણ નિશ્ચયમાં નિષેધ થાય છે.

**પ્રશ્ન :—નિશ્ચયવડે વ્યવહારનો નિષેધ થાય છે એટલે વ્યવહાર નિષેધ છે એમ કરીને વ્યવહાર છોડી દે અને નિશ્ચય આવે નહીં તો?**

ઉત્તર :—આ બાજુ અંદરમાં ઢળે છે એટલે વ્યવહાર હેય થઈ જાય છે. હેય કરું કરું એમ કરે એ તો વિકલ્પ છે, નિશ્ચયમાં ઢળતા વ્યવહારમાં હેય રૂપ થઈ જાય છે નિષેધ સહજ થાય છે.

પ્રશ્ન :—નિશ્ચયનય કેટલા પ્રકારના કહેવાય છે?

ઉત્તર :—ખરેખર તો ત્રિકાળી દ્રવ્ય તે જ નિશ્ચય છે, રાગને જ્યારે વ્યવહાર કહેવો હોય ત્યારે નિર્મળ પર્યાયને તેનાથી ભિન્ન બતાવી તેને નિશ્ચય કહેવાય છે. કર્મને વ્યવહાર કહેવો હોય ત્યારે રાગને નિશ્ચય કહેવાય અનુભૂતિની પર્યાય તે વ્યવહાર છે છતાં દ્રવ્ય તરફ ઢળી છે તેથી તેને નિશ્ચય કહીને અનુભૂતિને જ આત્મા કહ્યો છે એમ અપેક્ષાથી નિશ્ચયનયના ઘણા પ્રકાર પડે છે.

પ્રશ્ન :—મુક્તિ અને સંસારમાં અંતર નથી–એમ ક્યો પુરુષ કહી શકે? અને કઈ નયથી કહે છે?

ઉત્તર :—શુદ્ધનિશ્ચયનયના બળથી વ્યવહારનયને હેય કહ્યો છે, તે હેયરૂપ વ્યવહારનયના વિષયમાં ઉદય આદિ ચાર ભાવો આવી જાય છે. ચૌદ જીવસ્થાનો અને ચૌદ માર્ગણાસ્થાનો અને ચૌદ ગુણસ્થાનો પણ આવી જાય છે. એ બધાને શુદ્ધ નિશ્ચયનયના બળથી હેય ગણવામાં આવે છે. અરે! સંસાર અને મોક્ષ એ બધી પર્યાયો હોવાથી ત્રિકાળી શુદ્ધ જીવ વસ્તુમાં તેનો અભાવ હોવાથી તેને વ્યવહાર જીવ ગણીને હેય કહ્યા છે. આહાહા! ગજબ વાત કરી છે. નિમિત્તને તો પર સ્વભાવ ગણી પર દ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે અને રાગને પણ પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે પણ અહીં નિયમસાર ગાથા ૫૦ માં તો નિર્મળ પર્યાયને પણ પરસ્વભાવ કહી પરદ્રવ્ય કહીને હેય કહી છે. આહાહા! આચાર્યદેવે અંતરના મૂળ માખણની વાત ખુલ્લી કરી દીધી છે. નિર્મળ પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઊઠે છે, તેથી તેનું લક્ષ છોડાવવાના હેતુથી તેને પરસ્વભાવ ને પરદ્રવ્ય કહીને હેય કહી છે.

પ્રશ્ન :—સમયસારની ટીકા કરવાથી મલિનતા નાશ થાય છે?

ઉત્તર :—ટીકા કરવાના વિકલ્પથી મલિનતા નાશ થતી નથી પણ ટીકાના કાળમાં દૃષ્ટિના જોરથી અંતરમાં એકાગ્રતા વધતી જાય છે તેનાથી મલિનતા નાશ થાય છે તેનો ઉપચાર કરીને ટીકાથી મલિનતા નાશ થાય છે તેમ વ્યવહારથી કહ્યું છે.

પ્રશ્ન :—નિશ્ચય શ્રુતકેવળી કોને કહે છે?

ઉત્તર :—દર્શન-જ્ઞાન-ચારિત્રથી જે આત્માને અનુભવે છે તે નિશ્ચય શ્રુતકેવળી છે. જેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થવાનું છે એવા આત્માને જેણે સ્વાનુભવથી જાણ્યો તે પરમાર્થે શ્રુતકેવળી છે તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન ચોક્કસ થવાનું છે, તેથી તેને પરમાર્થે શ્રુતકેવળી કહ્યો છે અને એ આત્માને જાણનાર જે શ્રુતજ્ઞાનપર્યાય છે જેમાં જ્ઞાન તે આત્મા એવો ભેદ પડે છે તે જ્ઞાનપર્યાયને વ્યવહાર શ્રુતકેવળી કહે છે, જે જ્ઞાનપર્યાય સર્વને જાણે છે તે સ્વ-પરને જાણનારી જ્ઞાનપર્યાય સર્વ શ્રુતજ્ઞાન છે–તેને વ્યવહાર શ્રુતકેવળી કહે છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન :***—જીવ બહારનું કામ ગમે તેવું દુષ્કર હોય તો પણ કરવાની તૈયારી બતાવે છે. પરંતુ અહીં પૂજ્ય ગુરુદેવ અને આપ ઘણું બતાવો છો તો પણ કરતો નથી.

**સમાધાન :**—ગુરુ કહે છે કે આ રસ્તે જા....આ દિશા છે ત્યાં જા. તેઓ રસ્તો બતાવે, પણ કાંઈ ચલાવી ન દે. ગુરુદેવે પીંખી પીંખીને બધું બતાવ્યું છે. જેમ નાના બાળકને બતાવે તે રીતે બતાવ્યું છે.

વિભાવ—શુભભાવ વચ્ચે આવે તેમાં રોકાઈશ નહિ, અંદર સાધકદશાની પર્યાયો પ્રગટે તેમાં પણ રોકાઈશ નહિ અને અનેક જાતના જ્ઞાનના ભેદો આવે તેમાં પણ રોકાઈશ નહિ. આમ ગુરુદેવ અનેક રીતે સમજાવતા હતા. એક શાશ્વત્ દ્રવ્યને ગ્રહણ કરીને તે રસ્તે જવાથી તને શુદ્ધતાની પર્યાય પ્રગટ થશે—એમ કહીને માર્ગ દેખાડતા હતા. એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે, તો તને જ્ઞાયક ભગવાનમાં જે ભર્યું છે તે બધું મળશે. તેમાં બધી નિધિ ભરી છે તે મળશે. એમ પીંખી પીંખીને બતાવતા હતા, પણ ચાલવાનું પોતાને છે. ગુરુદેવે બધું બતાવી દીધું, પણ ચાલે કોણ? ગુરુ રસ્તો બતાવે, મોઢામાં કોળિયો મૂકે પણ પોતાની જીભ ચલાવી ગળે ઉતારવાનું પોતાને રહે છે. અર્થાત્ પોતાને પુરુષાર્થ કરવાનો રહે છે.

આવું દેખાડનાર આ પંચમકાળમાં કોણ મળે? દુનિયામાં બધા જીવો ક્યાંક ને ક્યાંક અટકેલા હોય છે. કોઈક આટલું વાંચે ને ભક્તિ—ત્યાગ—ક્રિયા કરે એટલે ધર્મ થઈ ગયો, વળી કોઈક ધ્યાન કરે અને અજવાળા દેખાય, કે ભગવાન દેખાય એટલે ધર્મ થઈ ગયો એમ માને છે. આમ ક્યાંક ને ક્યાંક ભ્રમણામાં ભૂલા પડ્યા છે.

ગુરુદેવે બધું સમજાવ્યું છે એટલે કોઈ મુમુક્ષુને ભ્રમણા થવાનો અવકાશ નથી. માત્ર ચાલવાનું જ બાકી છે, એટલું બધું ગુરુદેવે બતાવ્યું છે. બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવી એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર, ભેદજ્ઞાન પ્રગટ કર. સ્વાનુભૂતિ પ્રગટ કરી તેમાં જ તૃપ્તિ પામ તો તેમાંથી જ આનંદનો સાગર ઊછળશે. શાંતિનો સાગર, જ્ઞાનનો સાગર તેમાં ભર્યો છે અને તેમાંથી જ શાંતિ-જ્ઞાન ઊછળશે. તેમાં જ વારંવાર દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે.

*પ્રશ્ન :*—નાસ્તિભાવે નિર્ણય બરાબર થાય છે, પણ અસ્તિભાવે પકડાતું નથી કે હું જ્ઞાયક આત્મા જ છું?

**સમાધાન** :—પહેલાં આત્મા દેખાતો નથી એટલે અસ્તિ ગ્રહણ થતી નથી ને રાગાદિ બધું કરવા જેવું નથી એમ થાય છે, કેમ કે રાગાદિ દુઃખરૂપ લાગે છે, તો પણ આત્મા સ્વ લક્ષણથી ઓળખાય છે. જાણનારો છે તે જ હું છું એમ પોતે વિચાર કરીને ને ઊંડો ઊતરીને સૂક્ષ્મ ઉપયોગ કરે તો પોતાની અસ્તિ ગ્રહણ થાય છે. પોતે પોતાને ભૂલી ગયો છે, પણ પોતે જ છે. બીજો નથી.

બધા ભાવો ચાલ્યા ગયા, પણ પોતે જાણનારો તો એમ ને એમ શાશ્વત રહે છે. ગયા કાળમાં જે વિકલ્પો થયા તેને પોતે યાદ કરી શકે છે, પણ પોતે તો એમ ને એમ જ રહે છે. માટે જાણનારનું જેવું છે તેવું અસ્તિત્વ ગ્રહણ કરવા માંગે તો કરી શકે છે. પોતે અંદર ઊંડો ઊતરીને જે આ જાણનારો જ્ઞાયક છે—તે જ હું છું એમ તેના ઉપર જોર લાવી શકે છે. એમ જ્ઞાયક ઉપર જોર લાવી નિર્ણય કરે, તો યથાર્થ પ્રતીતિ કરી શકે છે. પોતે વિચારીને અને અંતરમાંથી નક્કી કરીને જોર લાવે કે આ જાણનાર હું છું, આ રાગાદિ હું નથી, તો પોતે પોતાને ઓળખી શકે છે.

*પ્રશ્ન :*—શું પોતાનું અસ્તિત્વ યથાર્થપણે ગ્રહણ થાય તો જ તેને દ્રવ્ય–ગુણ–પર્યાયનું સાચું જ્ઞાન થાય? તથા 'સત્ ચિદાનંદ'માં 'સત્ ' પહેલાં કેમ લીધું છે?

**સમાધાન** :—હું આત્મા ધ્રુવ શાશ્વત હયાતીવાળી (સત્ ) એક વસ્તુ છું એમ જ્ઞાનમાં પહેલાં નક્કી થવું જોઈએ. તેમાં એક અસ્તિત્વગુણ નહિ પણ જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલો આખો પદાર્થ છું.

હું એક હયાતીવાળી વસ્તુ છું એટલે કે ચૈતન્યરૂપે મારું અસ્તિત્વ છે. જડરૂપે મારું અસ્તિત્વ નથી. આમ પહેલાં ગ્રહણ કરે કે મારી હયાતી છે; પછી તે પદાર્થ કેવો છે? તો કહે છે કે જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલો છે. જ્ઞાન-આનંદથી ભરપૂર મારું અસ્તિત્વ છે. તેમાં જ્ઞાનરૂપે, આનંદરૂપે એમ અનંત ગુણરૂપે મારું અસ્તિત્વ ભેગું આવી જાય. આમ જગતમાં બધી વસ્તુ સત્ છે.

આત્માની હયાતી જ ન હોય તો જ્ઞાન-આનંદાદિ બધા ગુણો શેમાં હોય? જો વસ્તુની હયાતી હોય તો તેમાં ગુણો હોય પણ જેની હયાતી જ નથી તેમાં ગુણો કેવી રીતે હોય? જો શાશ્વત વસ્તુ જ નથી તો જ્ઞાન અને આનંદ રહેશે શેમાં? વેદન થાશે શેમાં?

અનંતકાળ ગયો, અનંત જન્મ-મરણ કર્યાં પણ જ્ઞાયકનું અસ્તિત્વ જ્ઞાયકરૂપે જ રહ્યું છે. તે નિગોદ—નરકમાં ગયો—ગમે તે ક્ષેત્રમાં રહ્યો અને ગમે તેવા ઉપસર્ગ-પરીષહ આવ્યા,

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

બાળ વિભાગ

# નિઃકાંક્ષિત–અંગમાં પ્રસિદ્ધ અનંતમતિની કથા

અનંતમતી ચંપાપુરના પ્રિયદત્ત શેઠની પુત્રી હતી. તેની સાત-આઠ વર્ષની ઉંમર હતી ત્યારે એકવાર નગરમાં મુનિરાજ પધાર્યા ત્યારે તેણે શીલવ્રત અંગીકાર કર્યું. સમય જતા યુવાન થઈ અને એક દિવસ એક વિદ્યાધર તેના રૂપ ઉપર મોહિત થઈ તેને ઉપાડી ગયો. તેટલામાં તેની રાણી આવતી દેખાણી એટલે તેણે અનંતમતીને જંગલમાં છોડી દીધી. ત્યાં ભીલોના રાજા તેના ઉપર મોહિત થયો પરંતુ પુણ્ય પ્રતાપે વનદેવી પ્રગટ થઈ અને ભીલ રાજા ભયભીત થયો ને તેણે અનંતમતીને શેઠને ત્યાં વેચી આવ્યો. ત્યાં શેઠ તેનું રૂપ જોઈ કામાંધ થયો હવે આગળ..

એ પાપીની વાત સાંભળતાં જ અનંતમતિ સ્તબ્ધ થઈ ગઈ...અરે! વળી આ શું થયું? તે સમજાવવા લાગી કે હે શેઠ! આપ તો મારા પિતાતુલ્ય છો. દુષ્ટ ભીલ પાસેથી અહીં આવતા હું તો એમ સમજતી હતી કે મારા પિતા મળ્યા...ને તમે મને મારા ઘરે પહોંચાડશો. અરે! તમે ભલા માણસ થઈને આવી નીચ વાત કેમ કરો છો? આ તમને શોભતું નથી; માટે, આવી પાપબુદ્ધિ છોડો.

ઘણું સમજાવવા છતાં દુષ્ટ શેઠ ન સમજ્યો ત્યારે અનંતમતિએ વિચાર્યું કે આ દુષ્ટ પાપીનું હૃદય વિનય પ્રાર્થના વડે નહીં પીગળે...એટલે ક્રોધદૃષ્ટિપૂર્વક તે સતીએ કહ્યું કે અરે! દુષ્ટ! કામાંધ! તું દૂર જા...હું તારું મોઢું પણ જોવા માગતી નથી.

સતીનો ક્રોધ દેખીને શેઠ પણ ભયભીત થઈ ગયો ને એની અક્કલ ઠેકાણે આવી ગઈ. ગુસ્સાપૂર્વક તેણે અનંતમતિને કામસેના નામની એક વેશ્યાને ત્યાં સોંપી દીધી.

અરે! ક્યાં ઉત્તમ સંસ્કારવાળા માતા-પિતાનું ઘર ને ક્યાં આ વેશ્યાનું ઘર!! અનંતમતિના અંતરમાં વેદનાનો પાર નથી; પણ પોતાના શીલવ્રતમાં તે અડગ છે. સંસારના વૈભવો દેખીને ક્યાંય તેનું મન લલચાતું નથી.

આવી સુંદરી પોતાને પ્રાપ્ત થવાથી કામસેના વેશ્યા ઘણી ખુશી થઈ ને પોતાને ઘણી કમાણી થશે એમ સમજીને તે અનંતમતિને ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરવા લાગી. તેણે અનેક પ્રકારે કામોત્તેજક વાતો કરી, ઘણી લાલચ આપી, ઘણો ત્રાસ આપ્યો પણ અનંતમતિ તો પોતાના શીલધર્મથી રંચમાત્ર ન ડગી. કામસેનાને તો એવી આશા હતી કે આ યુવાન સ્ત્રીનો વેપાર કરીને હું ઘણું કમાઈશ પણ એની આશા ઉપર પાણી ફરી વળ્યું. એ બિચારી વિષયલોલુપ બાઈને ક્યાંથી ખબર હોય કે આ યુવાન બાઈએ તો ધર્મની ખાતર પોતાનું જીવન અર્પી દીધું છે ને સંસારના કોઈ વિષયભોગની તેને જરાય આકાંક્ષા નથી; સંસારના

ભોગો પ્રત્યે તેનું ચિત્ત એકદમ નિઃકાંક્ષ છે. શીલની રક્ષા કરતાં ગમે તેવું દુઃખ આવી પડે તેનો તેને ભય નથી. અહા! જેનું ચિત્ત નિઃકાંક્ષ છે તે ભયવડે પણ સંસારના સુખને કેમ ઈચ્છે? જેણે પોતાના આત્મામાં જ પરમસુખનાં નિધાન દેખ્યાં છે તે ધર્માત્મા, ધર્મના ફળમાં સંસારના દેવાદિક વૈભવના સુખને સ્વપ્નેય વાંછતા નથી—એવા નિઃકાંક્ષ છે; તેમ અનંતમતિએ પણ શીલગુણની દૃઢતાને લીધે સર્વે વૈભવની આકાંક્ષા છોડી દીધી. કોઈપણ વૈભવથી લલચાયા વગર તે શીલમાં અડગ રહી. અહા! સ્વભાવના સુખ પાસે સંસારના સુખને કોણ વાંછે? ખરેખર, સંસારના સુખની વાંછાથી છૂટીને નિઃકાંક્ષ થયેલી અનંતમતિની આ દશા એમ સૂચવે છે કે તેના પરિણામનો પ્રવાહ હવે સ્વભાવસુખ તરફ ઝૂકી રહ્યો છે. આવા ધર્મસન્મુખ જીવો સંસારનાં દુઃખથી કદી ડરતા નથી ને પોતાનો ધર્મ કદી છોડતા નથી. સંસારના સુખને વાંછનારો જીવ પોતાના ધર્મમાં અડગ રહી શકતો નથી, દુઃખથી ડરીને તે ધર્મને પણ છોડી દે છે.

જ્યારે કામસેનાએ જાણ્યું કે આ અનંતમતિ કોઈપણ રીતે તાબે થવાની નથી, ત્યારે તેણે ઘણું ધન લઈને સિંહરાજ નામના રાજાને સોંપી દીધી.

બિચારી અનંતમતિ!—જાણે સિંહના જડબામાં જઈ પડી! વળી પાછી તેના પર નવી આફત આવી. દુષ્ટ સિંહરાજા પણ તેના પર મોહિત થયો. પણ, અનંતમતિએ તેનો તિરસ્કાર કર્યો. વિષયાંધ બનેલો તે પાપી અભિમાનપૂર્વક સતી પર બલાત્કાર કરવા તૈયાર થયો પણ ક્ષણમાં એનું અભિમાન ઉતરી ગયું.—સતીના પુણ્યપ્રતાપે (નહીં—શીલપ્રતાપે ) વનદેવી ત્યાં હાજર થઈ ને દુષ્ટ રાજાને શિક્ષા કરતા કહ્યું કે ખબરદાર...ભૂલેચૂકે પણ આ સતીને હાથ લગાડીશ નહીં. સિંહરાજા તો દેવીને દેખતાં જ શિયાળ જેવો થઈ ગયો. તેનું હૃદય ભયથી કંપી ઊઠ્યું; તેણે માફી માંગી અને સેવકને તરત જ બોલાવી ને અનંતમતિને માનસહિત જંગલમાં મૂકી આવવાનું કહ્યું.

હવે, અજાણ્યા જંગલમાં ક્યાં જવું? એનો કાંઈ અનંતમતિને પત્તો નથી. આટલા આટલા ઉપદ્રવોની વચ્ચે પણ પોતાના શીલધર્મની રક્ષા થઈ તેના સંતોષપૂર્વક, ઘોર જંગલની વચ્ચે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી તે આગળ વધી. તેના મહાન ભાગ્યે થોડીવારમાં તેણે આર્યિકાઓનો સંઘ દેખ્યો. અત્યંત આનંદપૂર્વક તે આર્યિકામાતાના શરણમાં ગઈ. અહા! વિષયલોલુપ સંસારમાં જેને ક્યાંય શરણ ન મળ્યું તેણે વીતરાગમાર્ગી સાધ્વીનું શરણ લીધું; તેમના આશ્રયે આંસુભીની આંખે તેણે પોતાની વીતેલકથા કહી. તે સાંભળીને ભગવતી આર્યિકામાતાએ વૈરાગ્યપૂર્વક તેને આશ્વાસન આપ્યું ને તેના શીલની પ્રશંસા કરી. ભગવતી માતાના શરણમાં રહીને તે અનંતમતિ શાંતિપૂર્વક પોતાનું આત્મસાધન કરવા લાગી. * * *

હવે, આ તરફ ચંપાપુરીમાં જ્યારે વિદ્યાધર તેને ઉપાડી ગયો ત્યારે તેનાં માતા-પિતા ખૂબ દુઃખી થયા. પુત્રીના વિયોગથી ખેદખિન્ન થયેલા ચિત્તને શાંત કરવા તેઓ તીર્થયાત્રા કરવા નીકળ્યા. યાત્રા કરતાં કરતાં તીર્થંકર ભગવંતોની જન્મપુરી અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યા. પ્રિયદત્તના સાળા (અનંતમતિના મામા) જિનદત્ત શેઠ અહીં જ રહેતા હતા. ત્યાં આવતાંવેંત આંગણામાં એક સુંદર રંગોળી દેખીને પ્રિયદત્ત શેઠની આંખમાંથી આંસુની ધાર ચાલી; પોતાની વહાલી પુત્રીને યાદ કરીને તેમણે કહ્યું કે મારી પુત્રી અનંતમતિ પણ આવી જ રંગોળી કાઢતી હતી; માટે જેણે આ રંગોળી કાઢી હોય તેની પાસે મને લઈ જાવ.

હવે એ રંગોળી કાઢનાર બીજું કોઈ ન હતું પણ અનંતમતિ પોતે જ હતી. પોતાના મામાને ત્યાં ભોજન કરવા આવી ત્યારે તેણે આ રંગોળી કાઢી હતી ને પાછી તે આર્યિકાસંઘમાં ચાલી ગઈ હતી. તરત જ સૌ તે સંઘમાં પહોંચ્યા. પોતાની પુત્રીને દેખીને અને તેની વીતકકથા સાંભળીને શેઠ ગદ્‌ગદ્ થઈ ગયા અને કહ્યું : 'બેટી! તેં બહુ કષ્ટ ભોગવ્યાં, હવે અમારી સાથે ઘેર ચાલ...ને તારા લગ્નની તૈયારી કરીએ.'

લગ્નનું નામ સાંભળતાં જ અનંતમતિ ચમકી અને બોલી ઊઠી : 'પિતાજી ! તમે આ શું કહો છો ? મેં તો બ્રહ્મચર્યવ્રત લીધું છે ને આપ પણ તે જાણો છો. આપે જ મને તે વ્રત અપાવ્યું હતું.'

પિતાજી કહે : 'બેટી, એ તો તારી નાનપણની ગમ્મત હતી; તેમ છતાં તે ગમ્મતની પ્રતિજ્ઞાને પણ તું સત્ય માનતી હો તોપણ તે વખતે આઠ જ દિવસ પૂરતી પ્રતિજ્ઞાની વાત હતી; માટે હવે તું લગ્ન કર.'

અનંતમતિએ દૃઢતાથી કહ્યું : 'પિતાજી ! આપ ભલે આઠ દિવસનું સમજ્યા હો પણ મેં તો મારા મનથી આજીવન પ્રતિજ્ઞા ધારણ કરી છે. મારી પ્રતિજ્ઞા હું પ્રાણાન્તે પણ તોડીશ નહીં. માટે, આપ લગ્નનું નામ ન લેશો.'

છેવટે પિતાજીએ કહ્યું : 'ભલે બેટી, જેવી તારી ખુશી. પણ હવે, તું અમારી સાથે ઘેર ચાલ અને ત્યાં ધર્મધ્યાન કરજે.'

ત્યારે અનંતમતિ કહે છે—'પિતાજી ! આ સંસારની લીલા મેં જોઈ લીધી. સંસારમાં ભોગ—લાલસા સિવાય બીજું શું છે ? એનાથી હવે બસ થાઓ. પિતાજી ! આ સંસારસંબંધી કોઈ ભોગોની મને આકાંક્ષા નથી. હું તો હવે દીક્ષા લઈને આર્જિકા થઈશ ને આ ધર્માત્મા-આર્જિકાઓની સાથે રહીને મારા આત્મિક સુખને સાધીશ.'

પિતાએ તેને રોકવા ખૂબ પ્રયત્ન કર્યો પણ જેના રોમ-રોમમાં વૈરાગ્ય છવાઈ ગયો હોય તે આવા અસાર સંસારમાં કેમ રહે ? સંસારસુખોને સ્વપ્ને પણ ન ઈચ્છનારી એવી

તે અનંતમતિ નિઃકાંક્ષભાવનાનાં દૃઢ સંસ્કારબળે મોહબંધનને તોડીને વીતરાગધર્મને સાધવા તત્પર બની હતી. તેણે ફરીને માતા-પિતાને સંબોધીને કહ્યું : 'હે પિતાજી! હે માતાજી! સંસારમાં કઈ વસ્તુ આ જીવે નથી ભોગવી? ક્યા વિષયો આ જીવે નથી ભોગવ્યા? છતાં જીવને તેમાંથી કિંચિત્ પણ સુખ મળ્યું નથી. અરે! એ વિષયો તો એંઠ જેવા છે. તેનું ફળ વિષ જેવું છે. જુઓને, વિષયલાલસાથી જગત કેવું દુઃખી છે! એ વિદ્યાધર, એ ભીલ, એ શેઠ, એ વેશ્યા ને એ સિંહરાજા—બધાએ વિષયોની લંપટતાથી મને હેરાન કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું; પણ જૈનધર્મના પ્રતાપે મારા શીલની રક્ષા થઈ છે. બસ, હવે તો વ્રતસહિત આત્મસાધના કરીશ ને આવી સ્ત્રીપર્યાય છેદી નાંખીશ. ચૈતન્યસુખ પાસે આ સંસારસુખો સ્વપ્નેય નથી ગમતા. આમ કહીને તે અનંતમતિએ અનંતસુખને સાધવા માટે પદ્મશ્રી—અર્જિકા સમીપ દીક્ષા અંગીકાર કરી લીધી અને ધર્મધ્યાનપૂર્વક સમાધિમરણ કરી, સ્ત્રીપર્યાયને છેદી તે જીવ બારમા દેવલોકમાં ઊપજ્યો.

બાલવયમાં લીધેલા શીલવ્રતનું પણ જેણે દૃઢપણે પાલન કર્યું અને સ્વપ્નેય સંસારસુખને ન ઇચ્છ્યું, તેમજ સમ્યક્ત્વથી કે શીલના પ્રભાવથી 'આવી ઋદ્ધિ મને મળો'— એવી આકાંક્ષા પણ જેણે ન કરી તે અનંતમતિ દેવલોકમાં ગઈ. અહા! દેવલોકના આશ્ચર્યકારી વૈભવની શી વાત! પણ પરમ નિઃકાંક્ષતાને લીધે તેનાથી પણ ઉદાસ રહીને તે અનંતમતિ પોતાના આત્મહિતને સાધી રહી છે. ધન્ય છે એની નિઃકાંક્ષતાને!

(આ કથા, સંસારસુખની વાંછા છોડીને આત્મિક સુખને જ સાધવામાં તત્પર થવાનું આપણને શીખવે છે; તેમજ ગમે તેવા સંકટમાંય પોતાના ધર્મમાં અડગ રહેવાનું શીખવે છે.)

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

પણ ચેતનનું અસ્તિત્વ ચેતનરૂપે રહ્યું છે; તેનો નાશ થતો નથી. જ્ઞાયકની જ્ઞાયકરૂપે હયાતી ક્યારેય છૂટતી નથી. નાશ પામતી નથી તે તેનો ભાવ છે. આમ અસ્તિત્વનો મહિમા છે. અને તે ગ્રહણ થતાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધાંનું જ્ઞાન સાથે થઈ જાય છે.

મુમુક્ષુઃ—પદાર્થમાં જ્ઞાન અને આનંદ કહેતાં તેમાં ભાવ દેખાય છે પણ સત્ કહેતાં તેમાં કાંઈ ભાવ દેખાતો નથી?

બહેનશ્રીઃ—આનંદમાં વેદન અને જ્ઞાનમાં જાણવાનો ગુણ (સ્વભાવ) છે એટલે તેઓ ભાવથી ભરેલા દેખાય એમ અસ્તિત્વ પણ લૂખું અને ખાલી નથી, જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરેલું અસ્તિત્વ છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા ગુણ છે અને પાણીમાં શીતળતા ગુણ છે તો તેના ગુણોથી બીજાને પકડાય છે તેમ આત્મા જ્ઞાયક સ્વરૂપ છે. જ્ઞાયકનું અસ્તિત્વ ધરાવે તે આત્મા છે અને જે જાણતું નથી તે જડ છે. આમ બંને (પોતપોતાના) ગુણથી પકડાય છે. (ગ્રહણ થાય છે.)

## વૈરાગ્ય સમાચાર :–

✻ વીંછીયા નિવાસી (હાલ મુલુંડ) સ્વ. કનુભાઈ શાંતિલાલ ડગલીના ધર્મપત્ની શારદાબેન કનુભાઈ ડગલી (ઉ.વ. ૮૭) તા. ૧૮-૩-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ વાંકાનેર નિવાસી (હાલ મોરબી) સ્વ. નગીનદાસ પ્રભુલાલ શેઠના ધર્મપત્ની મંગળાબેન નગીનદાસ શેઠ (ઉ.વ. ૮૮) તા. ૧૮-૪-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ગઢડા નિવાસી (હાલ-મલાડ) અરૂણાબેન જિતેન્દ્રભાઈ કામદાર (ઉ.વ. ૭૨) તા. ૨૬-૫-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ સોનગઢ નિવાસી હંસાબેન ધરણીધરભાઈ દામાણી (-તેઓ શ્રી હીરાચંદભાઈ દામાણીના પુત્રવધૂ) (ઉ.વ. ૭૭) તા. ૨૯-૬-૨૦૨૦ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષ સોનગઢ રહી ધર્મધ્યાન કરતાં હતાં.

✻ વડોદરા નિવાસી બાબુભાઈ હરજીવનદાસ જૈન (ઉ.વ. ૮૭) તા. ૬-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી શ્રી ત્ર્યંબકલાલ છગનલાલ વાઘર (-તેઓશ્રી બિપીનભાઈના પિતાશ્રી તથા અશોકભાઈના કાકા) (ઉ.વ. ૧૦૦) તા. ૯-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અત્યંત અર્પણતા ધરાવનાર ઉભય ધર્માત્માઓના કૃપાપાત્ર, દીર્ઘકાળથી ગુરુદેવશ્રીના પ્રવચનોનો નિયમિત લાભ લેનાર વિદ્વાન અને આત્માર્થી હતા.

✻ બરવાળા નિવાસી (હાલ મલાડ) ચેતનભાઈ  ડેલીવાળા (-તેઓ શ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળાના પુત્ર) (ઉ.વ. ૬૬)નું સોનગઢ મુકામે  હાર્ટએટેકથી તા. ૧૦-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ઘણા સમયથી સોનગઢ રહી ધર્મલાભ લેતા હતા.

✻ પાર્લા-મુંબઈ નિવાસી અમૃતલાલ વલ્લભજી ટીંબડીયા (ઉ.વ. ૯૧) તા. ૧૩-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ભાવનગર નિવાસી (હાલ સોનગઢ) જસુમતીબેન હસમુખરાય ભાયાણી (તેઓ મયંકભાઈ ભાયાણીના માતુશ્રી)  (ઉ.વ. ૮૮) તા. ૧૭-૭-૨૦૨૦ના રોજ ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે.

✻ વઢવાણ નિવાસી શ્રી વસંતરાય ચમનલાલ દોશી (-તેઓ શ્રી અક્ષયભાઈ દોશીના કાકા) (ઉ.વ. ૮૨) તા. ૨૦-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓશ્રી વઢવાણ ભજનમંડળીમાં સક્રિય હતા તેમજ નિત્ય સોનગઢ આવીને લાભ લેતા હતા.

✻ સાવરકુંડલા નિવાસી (હાલ મુલુંડ) શ્રી કિરીટભાઈ જગજીવનદાસ દોશી (ઉ.વ. ૮૩) તા. ૨૧-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ મુલુંડમુમુક્ષુ મંડળના પ્રમુખ હતા અને મુલુંડમાં મંદિર થાય એવી તેમની ભાવના હતી.

✻ વીંછિયા નિવાસી (હાલ-પાર્લા) નીતિનભાઈ મનસુખલાલ ઉદાણી (ઉ.વ. ૭૧) તા. ૨૪-૭-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

✻ પાર્લા-મુંબઈ નિવાસી તરૂબેન વિનોદભાઈ શાહ (અજયભાઈ શાહના  માતુશ્રી) (ઉ.વ. ૮૪) તા. ૩૦-૭-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. (જુઓ અનુસંધાન પેજ નં. ૩૩ ઉપર)

## (૮૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(નીચે આપેલ વાક્યોને આધારે ૨૪ તીર્થંકરોના નામ ઓળખાવો.)

(૧) વ્યક્તિ સંસારમાં ઈચ્છે છે – ...............
(૨) પરીક્ષામાં પાસ થયા પછી આપવામાં આવે છે – ...............
(૩) જેનો અંત ન હોય તે – ...............
(૪) જેમના પાંચ કલ્યાણક એક જગ્યા પર થયા હોય અને જે જગ્યાનું નામ એક ફૂલ પરથી હોય – ...............
(૫) જેમણે આહારદાનની પરંપરા શરૂ કરી – ...............
(૬) સૂર્યના ઉદય સાથે જે ફૂલ ખિલે તે – ...............
(૭) એક પ્રસિદ્ધ કપડાની મીલનું નામ – ...............
(૮) સૌથી ઓછા સમયમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ – ...............
(૯) ગરમીમાં જેની જરૂર હોય છે – ...............
(૧૦) જેને જીતી ન શકાય તે – ...............
(૧૧) બુદ્ધિમાનમાં જે શ્રેષ્ઠ હોય તે – ...............
(૧૨) જેના સંપર્કથી લોઢું પણ સોનું બની જાય – ...............
(૧૩) મહિનામાં જે ધીરે ધીરે ઘટે છે અને ધીરે ધીરે વધે છે – ...............
(૧૪) દરેક પ્રાણીએ દરેક સ્થિતિમાં જે કાર્ય હંમેશા કરતા રહેવું જોઈએ –...............
(૧૫) ફૂલોની પંક્તિને કહે છે – ...............
(૧૬) જે કોઈપણ કાર્ય કરવામાં અસમર્થ ન હોય – ...............
(૧૭) યુદ્ધમાં શ્રેષ્ઠ યોદ્ધાને કહે છે – ...............
(૧૮) ત્રણપદના ધારી અંતિમ તીર્થંકર – ...............
(૧૯) એક નારાયણ જેમના પિતરાઈ ભાઈ છે – ...............
(૨૦) જેમના શાસનકાળમાં મર્યાદા પુરુષોત્તમ રામનો જન્મ થયો – ...............
(૨૧) જેના ચિહ્નથી મંગલ ધાર્મિક કાર્ય શરૂ થાય છે – ...............
(૨૨) જેમણે અસી, મસી, કૃષિનું જ્ઞાન કરાવ્યું – ...............
(૨૩) છઠ્ઠા ચક્રવર્તીના ત્રણ કલ્યાણક હસ્તિનાપુરમાં થયા – ...............
(૨૪) ચોવીસમાંથી જે તીર્થંકર બાકી રહ્યા હોય તે – ...............

## (૮૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા યોગ્ય પૂર્ણ કરો.

(૧) અષ્ટાહ્નિકા પર્વમાં ...................................... ની પૂજા કરવામાં આવે છે.

(૨) દરેક મેરુમાં ચાર વન છે તેમના નામ : ૧........................... ૨........................ ૩.......................... ૪............................

(૩) પાંચ મેરુ પર્વતમાં બે પ્રકારના વૃક્ષ ૧ ....................... ૨......................... હોય છે.

(૪) અચલ–વિજય મેરુની ઉંચાઈ ....................... યોજન છે.

(૫) પાંચે મેરુના બધા મંદિરો .................... અને પ્રતિમાં ......................... હોય છે.

(૬) નંદીશ્વરદ્વીપનો વિસ્તાર ................... યોજન છે.

(૭) નંદીશ્વર દ્વીપમાં મંદિરમાં પ્રતિમા રત્નોની તથા ............ ધનુષ ઉંચી હોય છે.

(૮) નંદીશ્વર દ્વીપની ચારે દિશામાં ............... અંજનગિરિ ............ દધિમુખગિરિ તથા ........... રતિકરગિરિ ઢોલાકાર પર્વત હોય છે.

(૯) કુંડલદ્વીપની ચારે દિશામાં ચાર મંદિર છે તેના નામ ૧.................. ૨................ ૩.................... ૪......................... છે.

(૧૦) ઊર્ધ્વલોકમાં કુલ .................................. શાશ્વત અકૃત્રિમ ચૈત્યાલય છે.

(૧૧) અકંપનાચાર્યાદિ સાતસો મુનિઓ ઉપર ઉપસર્ગ ..................નગરમાં ............. આદિ ચાર મંત્રીઓએ કરેલ હતો.

(૧૨) શરીરમાં મમત્વ તથા કષાયનો ત્યાગ કરવો તેને ....................... તપ કહેવામાં આવે છે.

(૧૩) શ્રી કુંદકુંદાચાર્યદેવને આચાર્ય પદવી ......................... દેવે આપેલ હતી.

(૧૪) તિર્યંચ ગતિની કુલ .................... યોનિઓ છે.

(૧૫) નેમિનાથ ભગવાનના દાદાજીનું નામ ............................. હતું.

(૧૬) કાળદ્રવ્ય બીજા બધા દ્રવ્યોના પરિણમનમાં .................. કારણ છે.

(૧૭) યત્નાચારપૂર્વક જોઈ સંભાળીને પુસ્તક-પીંછી-કમંડળ વિગેરે લેવું-મૂકવું તેને ......................... સમિતિ કહે છે.

(૧૮) લોકાલોકને સામાન્ય સત્તારૂપે પ્રતિભાસનારી ........................ શક્તિ છે.

(૧૯) સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપે પરિણમતા એવા આત્મદર્શનમયી ......................... શક્તિ.

(૨૦) આચાર્ય કુંદકુંદદેવે સમયસારમાં આત્માની અનુભૂતિ કેમ થાય તે સમજાવવા અબદ્ધસ્પષ્ટપણું બતાવવા ...................... નું દૃષ્ટાંત આપેલ છે.

---

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**સુવર્ણપુરી સમાચાર :—**

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

---

(અનુસંધાન પેજ નં. ૩૦ થી ચાલુ)

* આપણા સોનગઢ ટ્રસ્ટના બહુ જૂના ટ્રસ્ટી ભાવનગર નિવાસી શ્રી હીરાલાલજી કાલા (ઉ.વ. ૮૬) હાર્ટફેઈલથી તા. ૫-૮-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ભાવનગર મંદિરના અધ્યક્ષ હતાં અને અવાર-નવાર સોનગઢ આવી લાભ લેતા હતા. તેઓશ્રીને સમસ્ત મુમુક્ષુ સમાજ પ્રત્યે ગાઢ વાત્સલ્યભાવે પ્રેમ હતો. સમસ્ત મુમુક્ષુ સમાજને તેમના પ્રતિ એક પ્રતિષ્ઠિત વડીલ તરીકે ખૂબ જ આદર તથા વાત્સલ્યભીની લાગણી હતી.
* સોનગઢ નિવાસી ચંદ્રાબેન મનુભાઈ કામદાર (ઉ.વ. ૮૬) તા. ૯-૮-૨૦૨૦ના રોજ ટૂંકી બિમારીથી દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢ રહેતાં હતાં.
* સાવરકુંડલા નિવાસી (હાલ મુલુંડ) શ્રીમતી અનુમતિબેન કિરીટભાઈ દોશી (ઉ.વ.૭૮) તા. ૧૨-૮-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન
## ઓગસ્ટ – ૨૦૨૦ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) કષાય | (૮) નિર્ણય | (૧૫) પર્યાય |
| (૨) અંતરાત્મા | (૯) દિગંબરતા | (૧૬) દૃષ્ટિ |
| (૩) પરચારિત્ર | (૧૦) સંસ્કાર | (૧૭) સ્વપર |
| (૪) નિન્હવ | (૧૧) ઈશિત્વ | (૧૮) અગુરુલઘુત્વ |
| (૫) કેવલજ્ઞાન | (૧૨) અમૂઢદૃષ્ટિ | (૧૯) મન |
| (૬) વારાણસી | (૧૩) જીવ | (૨૦) અશુદ્ધ |
| (૭) ધ્રૌવ્ય | (૧૪) એક | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન
## ઓગસ્ટ – ૨૦૨૦ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | કષાય | (૮) | સાદિ-સાંત | (૧૫) | ભૂમિગોચરી |
| (૨) | ૨૦ | (૯) | આકાશ | (૧૬) | જીવ તત્ત્વ |
| (૩) | ૭-૮-૯ | (૧૦) | પ્રદેશ | (૧૭) | અસુરકુમાર |
| (૪) | સવિપાક | (૧૧) | અભિન્ન | (૧૮) | કૌશામ્બી - જરત્‌કુમાર |
| (૫) | અમૂઢદૃષ્ટિ | (૧૨) | કર્તા | | |
| (૬) | કર્મનો | (૧૩) | પ્રધ્વંસાભાવ | (૧૯) | ૪ |
| (૭) | સ્વર્ણ | (૧૪) | સાડાબાર કરોડ | (૨૦) | મિથ્યાત્વ |

**ક્ષ....મા....પ....ના**

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદૃષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.**

**—તંત્રી**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● આત્મા ગમે તે સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરા પ્રસંગો આવી પડે. દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો રોગ થઈ ગયો હોય. ક્ષુધા-તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરા પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટિ જીભથી કોટિ વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહી એવી આકરી નરકની પીડા છે. છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિને પ્રગટ કરી શકાય છે. ૪૧૭.

● જાણનાર....જાણનાર....જાણનાર તે માત્ર વર્તમાન પૂરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્પણું બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પૂરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ—સત્ને બતાવે છે. ૪૧૮.

● પ્રશ્ન : મિથ્યાત્વ-આસ્રવભાવને તોડવાનો વજ્રદંડ શું ?

ઉત્તર : ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકસ્વભાવ છે, તે વજ્રદંડ છે. તેનો આશ્રય લેવાથી મિથ્યાત્વ-આસ્રવભાવ તૂટે છે. પહેલામાં પહેલું કર્તવ્ય રાગથી ભિન્ન પડીને જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી એ છે. એ કાર્ય કર્યા વિનાના વ્રતાદિ બધા થોથા છે. ૪૧૯.

● ભાઈ! તું સંસારનાં પ્રસંગોને યાદ કર્યા છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને ! બાયડી, છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગ, વિલાસ, મોજ મજા માણી હતી, તેમ યાદ કરે છે, સ્મરણ કરે છે, પણ એ તો બધા તને દુઃખના કારણો છે. સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડ્યો છે. ચાર ગતિઓના ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો જ ભર્યો પડ્યો છે. તેને યાદ કર ને ! તેનું સ્મરણ કર ને ! એ એક જ તને સુખ-શાંતિનું કારણ થશે. ૪૨૦.

આત્મધર્મ
સપ્ટેમ્બર૨૦૨૦
અંક-૧ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-9-2020
Posted on 1-9-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org